
કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • ૧૦, ડીસેમ્બર ૨૦૨૧ | ₹ ૩૦

# વિશ્વકર્મા વિશ્વ



વિજેતા-૧ : મિતલ ઘોરેચા




વિજેતા-૨ : ભરત તલસાણિયા



વિજેતા-૩ : દેવ્યાની કાપડે

## ‘ઘર રંગોળી’ સ્પર્ધામાં કલાકારોની કલા ઝળકી ઉઠી



**સમાજશ્રેષ્ઠી જગજીવનભાઇ ભારદીયાનું (યુ.કે.) દુઃખદ અવસાન : જામખંભાળીયા સમાજ દ્વારા શ્રદ્ધાંજલી**

**જામનગરમાં સાંસદ રામભાઇ મોકરીયા સહિતના મહાનુભાવોનું સન્માન**



# હૃદયાંજલી



## સ્વ. ભરતભાઈ દયાળજીભાઈ ભાડેશીયા

(ઉ.વ. ૬૩)

**સ્વ. તા. ૩૧-૧૦-૨૦૨૧**

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ।।

(શ્રીમદ્ ભાગવત ગીતા અધ્યાય ૨ શ્લોક ૨૩)

આત્માને શસ્ત્રો દ્વારા કાપી શકાતો નથી, કે આગ દ્વારા બાળી શકાતો નથી
ન તો પ્રવાહીમાં વહાવી શકાય છે કે, ન તો વાયુથી સુકાવી શકાય છે
આત્મા શાશ્વત, સર્વવ્યાપી, સ્થિર, અચલ અને પરિવર્તનહીન છે

ગં.સ્વ. નયનાબેન ભરતભાઈ ભાડેશીયા
હાર્દિક ભરતભાઈ ભાડેશીયા
નીકિતા હાર્દિકભાઈ ભાડેશીયા
વેદાંત - ખનક

સ્વ. રાજેશ દયાળજીભાઈ ભાડેશીયા
ગં.સ્વ. ફાલ્ગુની રાજેશ ભાડેશીયા
અનીશ રાજેશ ભાડેશીયા

પુજા સ્મિત પંડયા
વાહી


પ્રવીણ દયાળજીભાઈ ભાડેશીયા
નીતા પ્રવીણ ભાડેશીયા
પાર્થ પ્રવીણ ભાડેશીયા
સમતા પાર્થ ભાડેશીયા
વ્યાના

વિશાખા વિશાલ વડગામા
વૈશાખી

મેઘા ભાવિન પંચાસરા
શિવાન્યા

દિલીપ દયાળજીભાઈ ભાડેશીયા

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-9, Issue No.11
Date : 10-12-2021

Page : 32
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



# આવો... વિશ્વકર્મા જયંતી અવસરે સૌ સંગઠન થઈને સંગઠીતતાના સૌને દર્શન કરાવીએ

કોઈપણ સમાજ સંગઠીત કરવો હોય તો ધાર્મિકતાના માધ્યમથી થઇ શકે પાટીદાર સમાજ દ્વારા ખોડલધામનું નિર્માણ તેનુ જીવતુ જાગતુ ઉદાહરણ છે. આજે જયારે વિશ્વકર્મા પરિવાર સંગઠીત નથી ત્યારે તેને સંગઠીત કરવા વિશ્વકર્માજીના સૌ સંતાન એમ સમજીને વિશ્વકર્મા પરિવારનું સંગઠન કરવામાં આવે તો તે વધુ સહેલાઇથી થઇ શકે. વિશ્વકર્મા પરિવારના સંગઠન માટે સૌ વિશ્વકર્મા પ્રભુજીના સંતાનોએ એક થવાનો નિર્ધાર કરવો જોઈએ. 'વિશ્વકર્મા જયંતી' વિશ્વકર્મા પરિવાર માટે સૌથી મહત્વનો તહેવાર છે. અને આ તહેવાર નજીકના દિવસોમાં આવી રહયો છે. ત્યારે વિશ્વકર્મા જયંતીનો તહેવાર વિશ્વકર્મા પ્રભુજીના સંતાનો એક થઇને ઉજવે તો વિશ્વકર્મા પરિવાર-સંગઠીત થવાની ભાવના ઉભી થઇ શકે છે. વિશ્વકર્મા જયંતીએ વિવિધ શહેરોમાં શોભાયાત્ર નીકળે છે. ત્યારે વિશ્વકર્મા જયંતીએ વિશ્વકર્મા પરિવારના સંતાનોએ એક થઇને શોભાયાત્રાનું આયોજન કરવું જોઈએ. આવા આયોજનથી અન્ય સમાજોને પણ આપણા સમાજની સંગઠનતાના દર્શન થશે.

આપણો સમાજ દેશમાં ૧૪ ટકા જેટલી વસ્તી ધરાવે છે. આપણા સમાજ કરતા પણ ઓછી ટકાવારી ધરાવતો સમાજ પણ જયારે ધર્મના નામે સંગઠીત થઈને સરકારને પણ નિર્ણય લેવા ફરજ પાડી શક્તો હોય આપણો વિશ્વકર્મા સમાજ પણ સંગઠીત થઈને આવી અસર ઉભી ન કરી શકે ? આપણો વિશ્વકર્મા સમાજ અલગ અલગ રીતે વહેંચાયેલો છે. અને સંગઠીત ન હોવાના કારણે રાજકીય લોકો આપણો ઉપયોગ કરતા આવ્યા છે. આપણા સમાજનો આવા થતા ઉપયોગ અંગે જાગૃતતા કેળવણી જરૂરી છે. વિશ્વકર્મા પરિવારના સંગઠન માટેના પ્રયાસો શરૂ થઇ ચુકયા છે અને રાજકીય આગેવાન અને આપા ગીગાનો ઓટલોના મહંત શ્રી નરેન્દ્રસિંહ સોલંકી ઉર્ફે મહંત નરેન્દ્રબાપુએ તેની આગેવાની સ્વીકારવાની તૈયારી બતાવી છે અને સંગઠન માટે તન-મન-ધનથી પોતાની શકિત વિશ્વકર્મા પરિવારના સંગઠન માટે સમર્પિત કરવાની ખાતરી આપી છે ત્યારે હવે આપણે જાગૃત થઇને તેમને સહકાર આપી અને વિશ્વકર્મા પરિવાર માટેના સંગઠન માટેના યજ્ઞમાં આહુતિ આપવી જોઈએ. સંગઠનરૂપી આ યજ્ઞ સફળ થાય તેમાં જ સમસ્ત વિશ્વકર્મા પરિવારનો સર્વાંગી વિકાસ થશે તેમાં બે મત નથી, તો આવો આપણે વિશ્વકર્મા જયંતીના આવનારા અવસરે સૌ એક થઇ ઉત્સવ ઉજવીએ અને આપણા વિશ્વકર્મા પરિવારના સંગઠનના દર્શન સૌને કરાવીએ...

◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

# જિંદગી એટલે દેવદૂત બનવાનો અવસર

ડો. વિષ્ણુ પ્રજાપતિ

ભગવાન પર આપણાં સૌની શ્રદ્ધા અપાર છે. ભગવાન હંમેશા આપણાં માટે કંઇક સારું જ કરશે તેવો વિશ્વાસ સૌની અંદર ઠાંસી ઠાંસીને ભરેલો છે. 'ક્યાંય નથી પણ બધે જ છે' તેવી તેમની સ્વીકારાતી હાજરી અને આત્મિક સિગ્નલથી અદ્રશ્ય રીતે અનુભવાતું તેમનું નેટવર્ક... આ બધું જ ભગવાન અને આપણાં અલૌકિક સંબંધને કાયમ ઉર્જા આપે છે અને તે મારી સાથે જ છે તેવો અનુભવ પણ કરાવે છે. આપણે આપણી જીતને તેને અર્પણ કરીએ છીએ અને હારી જઇએ તો પણ 'ભગવાને કંઇક સારા માટે જ કર્યુ હશે' તેવી ખેલદીલી પણ આપણે સહજતાથી કેળવી લઇએ છીએ. ભગવાન કોઇ સ્વરુપ નથી તે નિરાકાર છે પણ આપણા દરેક સંવેદનો અને આપણી દરેક લાગણીઓના તરંગો તેમના સુધી પહોંચી જાય છે તે નક્કી છે. ઘણીવાર આપણે અનુભવ્યું છે કે જે વિચાર કે સ્વપ્નને આપણે વિચારોના તરંગોથી આંદોલિત કર્યુ છે તેવો જ કંઇક પ્રત્યક્ષ સાક્ષાત્કાર થોડા સમયમાં જ અનુભવ્યો છે. આ ક્રિયાને આપણે કર્મફળ, મહેનતનું ફળ, પૂર્વજન્મનું ફળ, પૂણ્યનું ફળ કે શ્રધ્ધાનું ફળ વગેરે કહીએ છીએ.




જીવનના દરેક પરિણામ ભગવાન ખુદ આવીને આપી જતા નથી હોતા. કહેવાય છે કે ભગવાન બધે પહોંચી ન શકે એટલે તેમના દૂતો તેમનું કામ કરતા હોય છે અને તેમને આપણે દેવદૂત કહીએ છીએ. બ્રહ્માંડની કોઇ શક્તિ આપણા તરંગોને આવા દેવદૂતો સુધી પહોંચાડી સતત આપણાં સુધી કોઇને કોઇ સ્વરુપે મોકલી આપતા હોય છે. દેવદૂત શબ્દ સાંભળીએ એટલે 'ભગવાનનો માણસ' એવું કંઇક મનમાં આવે. ભગવાને મોકલેલો ફરીસ્તો જે આપણને દુઃખના સમયમાં મદદ કરી જાય અથવા તો ભૂલા પડેલા આપણને સાચો રસ્તો દેખાડી જાય. આપણને આપણી જિંદગીમાં કેટલીયે વાર દેવદૂતો મળ્યાં છે અને મળતા રહેતા હોય છે. 'ભગવાન હવે તું જ છેલ્લો સહારો છે.' કે 'ભગવાન સંભાળી લે જે.' આવી પ્રર્થના પછી જો તરત કોઇનો સહારો મળી જાય અથવા કોઇ આવીને આપણને સંભાળી લે તો સમજો કે ભગવાને આપણાં તરંગોને દેવદૂતો સુધી મોકલી આપ્યાં છે. આ દેવદૂતો આપણને અદ્રશ્ય રીતે અથવા પ્રત્યક્ષ રીતે નિઃસ્વાર્થ ભાવે મદદ કરીને ચાલ્યાં જતા હોય છે. ઘણીવાર તેમની આપણે દરકાર પણ કરતા નથી હોતા અથવા તેઓ આપણને 'થેંક્યું'નો વ્યવહાર પૂર્ણ કરવાનો અવસર પણ નથી આપતા હોતા. આપણે તે દેવદૂતોને નહી પણ ફરી ભગવાન પાસે જઇને બાધા, આખડી કે નૈવેદ્ય કરીને ઋણ ચુકવી દેતા હોઇએ છીએ. દેવદૂતો હંમેશા સારા કાર્ય માટે જ નિર્માયા હોય છે, તે સામે કોણ છે? તે કેવો છે? તેને મદદ કરાય કે ન કરાય ? એમાં વળી મને શું ફાયદો ? તેવી એકપણ પરોજણમાં પડતાં નથી અને તેમને સોંપાયેલું કામ કામ કરીને જતા રહે છે.



અહીં મારે કોઇ મોટા ચમત્કારોની કે દૈવી શક્તિની નહી પણ જીવનના નાના નાના પ્રસંગોની વાત કરવી છે. દેવદૂતો ટીવી સિરીયલોમાં દેખાડે તેવા માથે મુગટ અને હવામાં ઉડતા ભગવાન જેવા નથી હોતા, તે એકદમ સાધારણ માણસ જ હોય છે અને તેમનામાં દૈવ અંશ હોય છે એટલે કોઇની મદદનો છુપો સંદેશો આપમેળે કળી જતા હોય છે.

તમે જોયું હશે કે રસ્તાની વચ્ચે પડેલો ખાડો કે મોટો પથ્થર ઘણાંને નડે છે પણ તેને હડસેલવા તો કોઇ એક વ્યક્તિ જ પ્રયત્ન કરે છે. તેમના નાનનકડા પ્રયત્નથી કેટલાયને તે પથ્થરની ઠોકરો કે તે ખાડાની પછડાટોમાંથી છૂટકારો મળે છે. કોઇના દુઃખને કોઇપણ સ્વાર્થ વિના દુર કરે તેને દેવદૂત કહેવાય. આવા અનેક દેવદૂતો આપણે નજરોનજર જોઇએ છીએ પણ ઓળખતા નથી હોતા.

- રોડ પર થયેલા એક્સિડન્ટના સમયે કોઇક અચાનક આવીને તમને મદદ કરીને ચાલ્યો જાય છે તે દેવદૂત છે.
- અજાણ્યાં સ્થળે ભૂલા પડ્યાં હોય ત્યારે અચાનક જ તમને રસ્તો બતાવીને ચાલ્યો જાય છે તે દેવદૂત છે.
- તમે સાવ પડું પડું થઇ ગયા હોય અને કોઇ ત્યારે જ તમારો હાથ ઝાલીને પડતાં બચાવી લે છે તે દેવદૂત છે.
- તમે ક્યારેક પાકીટ કે પૈસા ભૂલી ગયા હોય ત્યારે તમારી ટીકીટનો ખરીદદાર મળી જાય છે તે દેવદૂત છે.
- વરસતા વરસાદમાં તમે ભીના ન થાવ તે માટે કોઇ તેની છત્રીમાં આશરો આપે છે તે દેવદૂત છે.
- ભૂખ લાગી છે અને પોતાની ભૂખને અવગણીને કોઇને ભોજન

આપે તે દેવદૂત છે.

- પોતાના ઘરે અનેક આર્થિક સમસ્યા છે અને પૈસા ભરેલું પાકીટ મળે છે પણ તે તેના માલિકને પરત કરે તે દેવદૂત છે.
- આત્મહત્યા કરતા કોઇ નિરાશ વ્યક્તિને ફરી જીવનની રાહ પર ચઢાવે તે દેવદૂત છે.
- આર્થિક રીતે નિર્બળ વિદ્યાર્થીને કોઇ સ્વાર્થ વિના મદદ કરી જાય તે દેવદૂત છે.

નિર્દોષ બાળક દોડીને દુકાને આવે અને તેને કંઇક મળશે તેવી આશાએ તેનો હાથ લંબાવે અને તેનું ખીસ્સુ ખાલી છે તે જાણવા છતાં તેનો ખોબો ભરી દે તે દેવદૂત છે.

પોતાની સમસ્યામાંથી એક બોધ લઇ તેવી સમસ્યા બીજાને ન થાય તે માટે પ્રયત્નો કરે તે દેવદૂત છે.

આ પ્રકારના ભગવાનના માણસોને કારણે તો દુનિયા ટકી રહી છે. માનવતા અને માણસાઇના અંશો તેમનામાં છલોછલ ભર્યા જ હોય છે. તે કાયમ પોતાની માનવતાનો ઘડો છલકાવતા રહે છે અને માણસાઇની મહેક પાથરતા જ રહે છે.

એક વ્યક્તિ એકલો રણ પાર કરી રહ્યો હતો. ઉનાળાની ભયંકર ગરમી અને રણના તોફાનમાં તે રસ્તો ભૂલી ગયો. ધીરે ધીરે તેની પાસે રહેલું પાણી અને ભોજન ખલ્લાસ થઇ ગયું. હવે તો જલ્દી નજીકના કોઇ ગામમાં ન પહોંચે કે તેને મદદ ન મળે તો તેનું મૃત્યુ નિશ્ચિંત હતું. રણમાં રેતી નીચે દટાઇ જવા કરતાં તેને ધીરે ધીરે અને ખૂબ જ ધીરજપૂર્વક તેની સફર ચાલુ રાખી. જીવવા માટે તેને છેલ્લા શ્વાસ સુધી સંઘર્ષ કરવાનો હતો. તે જાણતો હતો કે જો હારીને કે થાકીને બેસી જશે તો મૃત્યુ સિવાય તેને કંઇ નહી મળે પણ જો પ્રયત્ન કરીશ તો કંઇક મદદ મળશે.

તેના સંઘર્ષથી તેને પરિણામ મળ્યું. તેને દૂર એક ઝાડ દેખાયું. તે તેની નજીક પહોંચ્યો તો ખ્યાલ આવ્યો કે તે તો ઝાડ તો ગરમીને કારણે સાવ બળી ગયેલું એટલે કે નિર્જીવ હતું. તેની આશા ઠગારી નીવડી. થાક, તરસ, ભૂખ અને ગરમી તેને મારવા મથી રહી હતી અને તેનો જીવવા માટે પ્રયત્ન ચાલુ રાખ્યા. તેને તે ઝાડના થડની અંદર એક બખોલ જોઇ. તેને તેમાં હાથ નાંખ્યો તો તેના ચહેરા પર ખુશી છલકાઇ ગઇ. તેના હાથમાં પાણીની એક બોટલ આવી. તેને ઝડપથી તે બોટલ બહાર કાઢી. તે ઝડપથી તે પીવા તેના ઢાંકણને ખોલવા લાગ્યો. ત્યારે તેનું ધ્યાન ગયું કે તે ઢાંકણ પર કોઇ ચીઠ્ઠી લગાવેલી છે. તેને તે ખોલી અને વાંચી. તેમાં લખ્યું હતું કે, 'હું આ પાણીની બોટલ અહીં એટલે મુકતો જાઉં છું કે રણમાં ભૂલા પડેલા કોઇનો જીવ બચે. હું પણ આ રસ્તે ભૂલો પડ્યો હતો. અને આ રસ્તે ફક્ત ભૂલો પડેલો મુસાફર જ આવશે તે હું જાણું છું. કોઇને યોગ્ય રસ્તા તરફ આંગળી ચીંધવા અને જીવનની એકદમ કપરી પરિસ્થિતિમાં મદદ કરવા આ બોટલ અહીં મુકું છું. ઝાડની અંદર થોડો નાસ્તો પણ છે અને આ નીચે દોરેલા નકશા પ્રમાણે જો ચાલશો તો તમે રણને ઓળંગી જશો. પણ અહીંથી ચાર કલાક સુધી ફરી ક્યાંય પાણી મળવાની સંભાવના નથી એટલે પાણી અને નાસ્તાનો ખૂબ જ સાવચેતીથી ઉપયોગ કરજો.'

પેલા મુસાફરને તો આ પાણી અને નાસ્તો મુકનાર કોઇ દેવદૂત જેવો લાગ્યો. તેને પાણી અને ખોરાક મળ્યો અને સાથે સાથે રસ્તો પણ મળ્યો. તેને ખૂબ જ સાવચેતીથી તે પાણી અને ખોરાકનો ઉપયોગ કરી રણનો નિર્જન રસ્તો પાર કર્યો.

વાર્તા અહીં પૂર્ણ થતી નથી. તે વ્યક્તિ જ્યારે રણની બહાર આવ્યો ત્યારે વિચાર આવ્યો કે મારા માટે કોઇ અજાણ્યો દેવદૂત બનીને આવ્યો તો હું પણ શું કોઇ માટે દેવદૂત બની શકું ખરો ? જો તે ઝાડની બખોલમાં હવે કોઇ પાણી કે નાસ્તો નથી તો બીજો મુસાફર ભુલો પડીને ત્યાં પહોંચશે તો તે ચોક્કસ મરી જ જશે. તેને ત્યાં રહેલી એક નાનકડી દુકાનમાંથી ખૂબ જ સારા પ્રમાણમાં પાણી અને સુકો નાસ્તો ખરીદ્યો અને ફરી તે નકશા પ્રમાણે ફરી તે ઝાડ પાસે આવ્યો અને તેને તે ઝાડની બખોલમાં તેને પાણી અને નાસ્તો મુકીને પેલી ચીઠ્ઠી તે બોટલના ઢાંકણા પર બાંધી અને તે ચાલ્યો ગયો. તે મુસાફર પરત ફર્યો ત્યારે ત્યાં રહેલા દુકાનદારે તેને સો સોનામહોરો આપી.

પેલા મુસાફરને આશ્ચર્ય થયું અને પૂછ્યું 'આ ઇનામ શેના માટે ?' તો પેલા દુકાનદારે કહ્યું કે અહીંના રાજાએ મને અહીં આ દુકાન આપી છે અને તે ઝાડની બખોલમાં નાસ્તો મુકવાનું કામ આપ્યું છે. જો કોઇ મુસાફર ભૂલો પડીને ત્યાં સુધી પહોંચે તો તેને મદદ મળવી જોઇએ. તેના કારણે અનેકના જીવ બચ્યાં છે પણ બધા તો પોતાને ભગવાને મદદ કરી છે તેમ બધુ લઇને અહીંથી નીકળી જાય છે. ફક્ત તમે જ એવા છો કે જેમને ફક્ત પોતાનું નહી બીજાનું પણ વિચાર્યુ છે. તમે ભગવાનનું કાર્ય કર્યુ છે તેનું આ ઇનામ છે.

જિંદગીમાં આપણને પણ અનેકવાર દેવદૂત બનવાના અવસરો મળતાં હોય છે. પણ આપણે તે અવસરને ઓળખી શકતા નથી. આપણે તો ખુદને મદદ મળી એટલે ભગવાને મારી હાકલ સાંભળી અને મને મદદ કરી છે તેવું વિચારી મદદ લઇને રફુચક્કર થઇ જઇએ છીએ. ધીરે ધીરે આપણાં આ સ્વભાવને કારણે આપણા સ્વાર્થી સંવેદનો ભગવાન સુધી પહોંચતા નથી. ધીરે ધીરે કોઇ તરફથી મદદ ન મળતાં ભગવાન તો મારુ સાંભળતો જ નથી તેવી ફરીયાદો કરતાં રહીએ છીએ. ભગવાને કોઇ દેવદૂત દ્વારા એક સારું કામ કરી આપ્યું તો આપણે પણ દેવદૂત બનીને કોઇનું એક કામ તો કરી આપવું જ પડે અને તેથી જ તો માનવતાનું ચક્ર ફરતું રહેશે અને સંવેદનાઓનું નેટવર્ક મજબૂત બનશે.


- દેવદૂત બનવા માટે,
- કોઇના કપરા કાળમાં સતત તેની પડખે રહો.
- અજાણ્યાંને તમારાથી શક્ય બને તેટલો સાથ આપો.
- આત્મસૂઝ અને અંદરના અવાજને ઓળખો.
- આપણને જે તકલીફ પડી તે તકલીફ બીજાને ન પડે તેવું વાતાવરણ બનાવો.
- સંવેદનશીલ રહો અને લાગણીશીલ બનો.
- આપણી પાસે કંઇક વધારે છે તો ભગવાને તે મને જ કેમ આપ્યું છે તેનો વિચાર કરો.
- યાદ રખો કે કોઇને કરેલી નિઃસ્વાર્થ મદદ ક્યારેય એળે જતી નથી.
- યાદ રાખો કે ભગવાન આપણને પણ દેવદૂત બનવાની અનેક તકો આપતાં રહે છે. તે તકને ઓળખો અને ભગવાનના પ્રિયપાત્ર બનો.

# સોશ્યલ મીડિયાનું વમળ

**દિપીકા જાદવાણી (અમદાવાદ)**

દિવાળી નો પર્વ પુર જોશ અને ઉત્સાહ માં હમણાંજ આપણે સૌએ મનાવ્યો. અને કેમ નઈ, કોરોના પછીની પહેલી દિવાળી જો હતી આપણા સૌની! કોના ઘરે કઈ રંગોળી બની, કોને શું ગિફ્ટ્સ મળ્યા, કઈ મીઠાઈઓ ખાધી, કોને મળ્યા અને ક્યાં પ્રવાસ માં ગયા અને ત્યાં શું નવું જોયું ને જાણ્યું - એ બધુંજ આપણી સાથે સાથે આ ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ એ પણ ઉજવ્યું - ખરું ને?

પહેલા કાકાના દીકરા એ આ વર્ષે કેવા કપડાં ને શુઝ લીધા હશે, ને રંગોળી જાતે કરી હશે કે પોસ્ટર લગાવ્યું હશે એ જોવા માટે નવા-વર્ષના આગમન સુધી ની વાટ રહેતી. અને હવે મારા પાડોશી ના ઘરે કેવી રોશની કરવામાં આવી ને કઈ નિતનવીન વાનગીઓ બની એ જોવા માટે મારે મારા ઘરના સોફામાંથી નીચે નથી ઉતરવું પડ્યું, કેમકે હવે તો બધા તહેવાર અને વહેવાર સોશ્યિલ મીડિયા પર જ ઉજવાઈ જાય છે ને!



દુનિયા સાથે અપ-ટુ-ડેટ રહેવાની લય માં જીવન ની બધીજ ક્ષણો ક્યારે ઓનલાઇન જીવતા થઇ ગયા એનો તો ખ્યાલ જ ના રહ્યો. અને અહીં સુધી તો ઠીક છે, પરંતુ જેમને ઓળખતા ને જાણતા નથી એવા ઓનલાઇન મિત્રો ના વખાણ સાંભળવા ના ક્યારે આગ્રહી થઇ ગયા એ સમજ જ ના રહી.

મારી એક મિત્ર મને કહે, આપણે સાપુતારા ના પ્રવાસે જઈએ છીએ તો ત્યાં કેવા ફોટો પડાવશું, વિડિઓ ઉતારશું એનું સંશોધન હું કરીને રાખીશ! જીવન ની અવિસ્મરણીય પળો આંખોના કેમેરામાં નહિ પણ સોશ્યિલ મીડિયા માં દેખાડા માટે રહી જાય છે. રીલ્સ ને શું કેપ્સન આપશું એ વિચાર માં અડધી યાત્રા પુરી થઇ જાય છે.

અન્ય પાસેથી પ્રશંષાની અપેક્ષા એ માનવીના સ્વભાવ માં હંમેશા રહ્યું છે. આ સ્વભાવ અને ટેક્નોલોજી ના દુરુપયોગે જ સોશ્યિલ એપ્રુવલ ની ભયંકર બીમારી ને જન્મ આપ્યો છે. આનું એક માત્ર કારણ એ છે કે આજે રાહ જોવાની કળા ખૂટી છે, બધુંજ એક ક્લીક પર મેળવતા મિલેનિયલ્સ, ને ઝેન-ઢ, ણ ની આ નવી પેઢી ને લાઇક્સ ફોટો કે વિડિઓ પોસ્ટ કર્યા ની બીજી સેકન્ડ પર મળે છે. આ સંસાધનો ત્વરિત પ્રસન્નતા આપીને નવી પેઢીની અધીરાઈને તુષ્ટિ આપે છે. આ ડિજિટલ રેસ માં જીવતા આપણે સૌ સાચી સફળતા નું મૂલ્યાંકન કરવામાં કાચું કાઢીએ છીએ.

આદિકાળ માં સમાજ માં સ્વીકૃતિ પામવા અમુક બંધનો આપણા પૂર્વજો પાળતા અને આજે 'સોશ્યિલ એક્સેપ્ટન્સ' માટે ૨૪*૭ ઓનલાઇન રહે છે. આજનો યુવા વર્ગ એટલા માટે પ્રવૃતિઓ નથી કરતો કે જેનાથી તેને આનંદ મળે, પરંતુ એટલા માટે કરે છે કે એ બધા કરે છે અને એ કરીને એને પોતાની હાજરી પણ સોશ્યિલ મીડિયા ની આ રંગત માં પુરાવવી છે. એમાંય ટીક-ટોક ને લઈને તો લોકો ઘેલા બન્યા છે. વિડિઓ જોવા ને બનાવવા પાછળ નિતનવા ખર્ચા, બિનજરૂરી મેક-અપ અને કઈ કેટલોય સમય વેડફે છે. જેટલા વધારે ફોલોવર્સ, લાઇક્સ અને કમેન્ટ્સ એટલા વધારે ધનિક અને સંપન્ન માનતી આ પ્રજા એમાં પોતાનું સન્માન ઝંખે છે. એટલેજ સોશ્યિલ મીડિયા ના ઉપયોગ થી પણ વધારે વિકૃત સોશ્યલ એપ્રુવલ ની લાલસા છે કેમકે એમાં વ્યક્તિ એનાથી જ પોતાનું મૂલ્યાંકન કરે છે.

જ્યારે બધુંજ અન્યને બતાવવા માટે થઇ રહ્યું હોય ત્યારે મતભેદ ને સ્વીકૃતિ નથી મળતી અને એનાથી અંગત હેરાનગતિ અનુભવાય છે, કામ પ્રત્યે વિક્ષેપ ઉભો થાય છે. અમુક અંશે એમ પણ બને કે, સાચા ખોટાની વ્યાખ્યા ભૂલી અને જે જગ્યાએ ટોળું હોય ત્યાં ગોઠવાઈ જવાય છે. મંજૂરી શોધનાર હંમેશા આમ-તેમ ભટકતા જોવા મળે, ક્યારેક કોઈ સેલિબ્રિટી કે નેતા ની પોસ્ટ પર કંઈક આડી-અવળી કે ધ્યાન ખેંચતી વાત કરીને તો ક્યારેક ખરું-ખોટું ચકાસ્યા વગર જ અભિપ્રાય આપીને. જે સમાજ માં વાણી સ્વતંત્રતા છે ત્યાંજ, આવા વાણી-વર્તન ને કારણે એક સોશ્યિલ પોસ્ટ ને લઈને ક્રાઇમ બ્રાન્ચે સામેલ થઉં પડે ને સમાધાન કરાવવું પડે છે.

સમય ક્યાં જઈને અટકશે એતો ખબર નહીં પણ આંખો ખુલે ને 'કરાગ્રે વસતે લક્ષ્મી..' નો શ્લોક બોલતા આપણે 'સ્ટેટ્સ, સ્ટોરી ને રીલ્સ, નું ચયન કરીએ છીએ. પહેલા ના ક્રાંતિકારો ની પ્રતિજ્ઞા હતી દેશ ને આબાદ કરાવવો, શિક્ષણ વધારવું, અને વિકાસ કરવો. આજના યુવાનો ને પ્રતિજ્ઞામાં સોશ્યિલ મીડિયા ના ઉપવાસ કે વ્યસન છોડવાનું કહેવામાં આવે છે. આ વળગણ ની અતિરેક એટલી છે કે માનસિક ચિકિત્સક પાસે રોજના અઢળક દર્દી આવે છે. હા, દર્દી - કેમકે એ એટલી હદે એમાં ઊંડા ઉતરી ગયા હોય છે કે કોઈક જો કઈ ખરાબ કહે તો રડી પડે છે કે લડવા માંડે છે.

આજની પેઢી જે બાજુવાળા ને પોતાનો અંગત નંબર ના આપતી હોય કે કોઈ ની આ આડી નજર ના ચડે એટલે દુપટ્ટા બાંધી ને ફરે છે એજ તરુણો સોશ્યિલ મીડિયા પર ખુલ્લેઆમ અજાણ્યા વ્યક્તિઓ સમક્ષ પોતાનું સર્વસ્વ મૂકી દે છે! શું માહિતી લીક ના સમાચાર એમને નજરે નથી ચડ્યા!

પોતાનું માનસિક સ્વાસ્થ્ય થી લઈને વ્યવસાય, સન્માન, સમય અને અંગતતા ખોનારા આપણે જલ્દી થી આ ચક્રવ્યુહ ને તોડી ને બહાર નીકળીએ અને ખરેખર પ્રસંશનીય કાર્ય માં લાગીએ.

# નવા વર્ષની વહેલી સવારથી મોડી સાંજ સુધી દાદાના મંદિરે દર્શનાર્થીની કતાર

## દિવાનપરામાં આવેલ વિશ્વકર્મા મંદિરે ધ્વજારોહણ, મહાઆરતી, અન્નકુટ દર્શન








નવલા વર્ષના નવ પ્રભાતે રાજકોટના દિવાનપરામાં આવેલ ગુર્જર સુતાર જ્ઞાતિ-વિશ્વકર્મા મંદિરે વહેલી સવારે શહનાઇના સુરાવલી વચ્ચે નૂતનવર્ષ નિમિત્તે વિવિધ કાર્યક્રમનો પ્રારંભ થયો. ધ્વજારોહણ પૂર્વે વિશ્વકર્મા પ્રભુજીના સાનિધ્યમાં ટ્રસ્ટી મંડળ અને કારોબારીની ઉપસ્થિતિમાં પુજારી રમેશભાઇએ ધ્વજાજીનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરાવ્યું. પુજાનો લાભ ટ્રસ્ટીમંડળ અને કારોબારીએ સૌ પરિવારે લીધો હતો ત્યારબાદ ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું.

સવા સાતના સુમારે ગાયક કલાકાર જયંત ગજજર અને સાથીદારોના સ્વર સાથે મંગળા આરતી થઇ હતી. મંગળા આરતીમાં જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. મંગળા આરતી બાદ સૌએ એકબીજાને નવા વર્ષની શુભકામનાઓ વ્યકત કરી હતી.

સવારથી દાદાના નવા વર્ષના પ્રથમ દર્શન કરવા ભાવિકોની કતાર લાગી હતી.

બપોરે પણ કલાકારોના સૂર અને સંગીતના સથવારે પૂજારી આશુતોષ રમેશભાઇએ શાસ્ત્રોકત વિધિથી કરેલ મહાઆરતી બાદ અન્નકોટ દર્શન ખુલ્લા મુકવામાં આવ્યા હતા. મહાઆરતીમાં પણ બહોળો સમુદાય ઉપસ્થિત રહયો હતો. વહેલી સવારની મંગળા આરતીથી માંડીને સાંજ સુધી દાદાના દર્શન કરવા બહોળો સમુદાય ઉમટી પડયો હતો. ધ્વજારોહણ, મંગળા આરતી, મહાઆરતીના કાર્યક્રમનું રોહિત સુરેલીયા અને તેની ટીમે યુ ટયુબ લાઇવ પ્રસારણ કર્યુ હતું.

અન્નકોટ પ્રસાદનું મંદિરેથી વિતરણ શરૂ કરાયું હતું.

પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા, મંત્રી પ્રદીપભાઇ કરગથરા, સહમંત્રી ગોરધનભાઇ ચાંપાનેરા, ખજાનચી અરવિંદભાઇ ત્રેટીયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, ઉપાધ્યાક્ષ જગદીશભાઇ સોંડાગર, ટ્રસ્ટીઓ, મુકેશભાઇ ભાડેશીયા, દિનેશભાઇ ખંભાયતા, વિનય તલસાણિયા, કારોબારી સદસ્યો હર્ષદભાઇ બકરાણિયા, કિશોરભાઇ અંબાસણા, દિલીપભાઇ પંચાસરા, શાંતિલાલ સાંકડેચા, મિતેષભાઇ ધ્રાંગધરિયા, હરિભાઇ સીનરોજા, જનકભાઇ વડગામા, કિશોરભાઇ બોરાણિયા, કેતનભાઇ મહિધરીયા, ઘનશ્યામભાઇ દુદકીયા તેમજ અન્ય સેવાભાવી કાર્યકરોએ આયોજન સફળ બનાવ્યું હતું.

# રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા
# વિશ્વકર્મા જયંતીએ સમુહ લગ્નોત્સવ યોજાશે

## ૫ જાન્યુ. પહેલા સમુહલગ્નમાં ફોર્મ ભરવા જરૂરી : ૫૦૦૦ રૂા.ને તેથી વધુ અનુદાન આપનારના નામ આમંત્રણ પત્રીકામાં પ્રસિદ્ધ થશે



રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ સમુહલગ્નોત્સવ અને મહારકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

વિશ્વકર્મા જયંતીના દિવસે એટલે કે ૧૪ ફેબ્રુઆરીના દિવસે સમુહ લગ્નોત્સવ ઉજવાશે સમુહલગ્નમાં જોડાવા માટે સમુહલગ્નમાં જોડાવા ઇચ્છુકે ૪ જાન્યુઆરી સુધીમાં દિવાનપરામાં આવેલ વિશ્વકર્મા પ્રભુજી મંદિરેથી સમુહલગ્નમાં જોડાવા માટેના ફોર્મ મેળવી લેવાના રહેશે. સમુહલગ્ન માટેના ફોર્મ ૫ જાન્યુઆરી સુધી જ સ્વીકારવામાં આવશે જેની સર્વજ્ઞાતિ નોંધ લે, તેમ ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાએ જણાવ્યું છે.

### અનુદાન આપવા અપીલ

સમુહ લગ્નોત્સવ માટે અનુદાનનો પ્રવાહ શરૂ થઇ ચુકયો છે. રૂા. ૧૧૦૦૦ કે તેથી વધુ રકમનું અનુદાન આપી શકાય છે. સમુહલગ્નોત્સવમાં રૂા. ૫૦૦૦ કે તેથી વધુ રકમનું અનુદાન આપનારનું નામ ઘેર-ઘેર જતી આમંત્રણ પત્રિકામાં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આ ઉપરાંત કરીયાવર પેટે દાતા કન્યાઓને સંપૂર્ણ કરીયાવર પણ આપી શકે છે. રૂા. ૫૦૦૦ને તેથી વધુ રકમની કરીયાવર વસ્તુ કેભેટ આપનાર દાતાનું નામ પણ આમંત્રણ પત્રિકામાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

કોઇપણ દાતા એક કન્યાના કરીયાવરના ખર્ચનું અનુદાન આપી શકાય છે.

આ ઉપરાંત વિશ્વકર્મા જયંતી નિમિત્તે મહાઆરતી કે અન્ય યોજાતા કાર્યક્રમમાં પણ અનુદાન આપી શકો છો. તા. ૫-જાન્યુ. પહેલા અનુદાન આપનારનું નામ આમંત્રણ પત્રિકામાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

કોઇપણ દાતા પોતાનુ દાન રૂબરૂ વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે આપી શકે છે. આ ઉપરાંત દેશ કે, વિદેશના દાતા સીધુ બેંકમાં પોતાનુ અનુદાન આપી શકે છે.

બેંક ડીટેઇલ : નામઃ શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ.

Acc. No. 310110100001280

Bank : Bank of India, Lakhajiraj Road,

IFSC Code : BKID003101, Saving Account

ગુર્જર સુતાર જ્ઞાતિની પ્રવૃત્તિ કે સમુહલગ્નોત્સવ સહિતના કાર્યક્રમ માટે વધારાની માહિતી સંપર્ક :

રસીકભાઇ બદ્રકિયા (પ્રમુખ) - ૯૨૨૭૬ ૧૨૦૭૩, પ્રદિપકભાઇ કરગથરા (મંત્રી) મો. ૯૮૨૪૪ ૭૯૩૫૬,

મુકેશભાઇ વડગામા (અધ્યક્ષ) - ૯૮૨૫૬ ૧૯૯૧૫

## સાંકડેચા પરિવાર દ્વારા યજ્ઞ યોજાયો







સાંકડેચા પરિવાર રાજપીપળા ગામે કુળદેવી માતાજીનો નવા મઢનું સ્થાપન કરેલ છે. તારીખ - ૦૯/૧૧/૨૦૨૧ લાભપાંચમ મંગળવારના દિવસે સહ સાંકડેચા પરિવાર દ્વારા માતાજીનો નવચંડી યજ્ઞ, રાંદલ માતાજી લોટા અને સાંજે માતાજીના નિવેદ ધામધૂમથી ઢોલ નગારા સાથે હરખ ઉમંગ સાથે માતાજીને નવા મઢમાં બિરાજમાન કરેલ છે

# શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, રાજકોટના સભ્યોનું સ્નેહમિલન, સામાન્ય સભા, દાતા સન્માન તથા રકતદાન શિબિર







શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ છેલ્લા ઘણા વર્ષોથી સામાજીક ઉત્કર્ષ અને સામાજીક સમરસતાના વિવિધ કાર્યો કરી રહેલ છે. જેમાં છેલ્લા વર્ષોથી સંસ્થાના બિલ્ડીંગ સ્થળે રકતદાન કેમ્પ યોજાય છે ઉપરાંત વિદ્યાર્થી સન્માન, દાતા સન્માન, દરેક સભ્યોને સભ્ય ભેટ વિતરણ, કોવિડ-૧૯ મહામારી સામે સુરક્ષા હેતુ વેકસીનેશન કેમ્પનું આયોજન કરેલ છે. ગુર્જર સુતાર પ્રગતિ મંડળ દ્વારા તા. ૨૪-૧૧-૨૦૨૧ના રોજ સવાર ૯ થી સાંજના ૪ કલાક સુધી રેડક્રોસ બ્લડ બેન્કના સંયુકત ઉપક્રમ ગુર્જર સુતાર જ્ઞાતિજનોને વિનામુલ્યે બ્લડ મળી રહે તેમજ થેલેસેમીયા પીડિત દર્દીઓને જરૂરીયાત મુજબ બ્લડ મળી રહે તેવા ઉમદા હેતુથી રકતદાન કેમ્પનુ આયોજન કરવામાં આવેલ. આ રકતદાન કેમ્પમાં દરેક રકતદાતાઓને સ્વ. રજનીકાંત ભરતભાઇ સોંડાગરના સ્મરણાર્થે ભરતભાઇ તથા ભાનુબેન સોંડાગર રહે. સુરત દ્વારા બોમ્બે ડાઇંગની બેડશીટ અને પીલો કવર શુભેચ્છા ભેટ તરીકે આપવામાં આવેલ. આ રકતદાન કેમ્પમાં બહોળી સંખ્યામાં જ્ઞાતીજનો અને રકતદાતાઓએ ૩૧૦ બોટલનું રકતદાન કરેલ છે. આ કેમ્પને સફળ બનાવવા માટે શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળના અધ્યક્ષ શ્રી અરવિંદભાઇ ગજજર (સોંડાગર) તથા મંત્રી શ્રી રમણીકભાઇ પાટણવાડીયાના સંપુર્ણ સંકલન, સહકારથી સફળતા મળેલ.

શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, રાજકોટ સ્થળે સભ્ય પરિવાર તથા આમંત્રીતો સાથે વાર્ષિક સામાન્ય સભા યોજાયેલ જેમાં ગત મિનિટસ બુકનું વાચન અને બહાલી, વર્ષ ૨૦૨૦-૨૧ના ઓડીટ રીપોર્ટ રજુ તથા વર્ષ ૨૦૨૧-૨૨નુ સુચીત બજેટ રજુ કરવામાં આવેલ તેમજ દાતાશ્રીઓનુ સન્માન કરવામાં આવેલ. સંસ્થાના સભ્ય પરિવારના સંતાનોને ફુલ સ્કેપ ચોપડા આપવામાં આવેલ તથા તેમજ આગામી દિવસોમાં સભ્યોની નામ સરનામા અને જ્ઞાતિજનોને વિશેષ સુવિધા મળી રહે તેવા હેતુની સંસ્થાના હાલના બીલ્ડીંગમાં પાર્કિંગ અને અન્ય સુવિધાઓ મળી રહે તેવા હેતુથી ઉપરના ભાગે બાંધકામ કરવાનુ પણ વિચારવામાં આવેલ છે સાથે સાથે સભ્ય પરિવારનું સ્નેહમિલન અને ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ. ભોજન વ્યવસ્થા સંપૂર્ણ પણે સંસ્થાના ઉપાધ્યક્ષ મથુરભાઇ પાટણવાડિયા, ટ્રસ્ટીઓ અરવિંદભાઇ ગંગાજળીયા, રમેશભાઇ ગંગાજળીયાએ સંભાળેલ તેમની વિનોદ ધારૈયા, જેન્તીભાઇ સોનીગરા તથા યુવાનો સહકાર પુરો પાડેલ.

રકતદાન શિબિરની વ્યવસ્થા ટ્રસ્ટીશ્રી, જગદીશભાઇ સોંડાગર, ગોરધનભાઇ ચાપાનેર, સુરેશભાઇ સોંડાગર, તુષાર સોંડાગર (એડવોકેટ), હિરેન ગજજર(એડવોકેટ), વિજયભાઇ સોંડાગર, દિલીપભાઇ સોંડાગર તથા અરવિંદભાઇ કરગથરા તેમજ રકતદાતાના શુભેચ્છા ભેટના દાતા સુરત રહે. શ્રી ભરતભાઇ સોંડાગર, વિનોદભાઇ સોંડાગર, ભાનુબેન સોંડાગરએ સંભાળેલ.

ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, રાજકોટના તા. ૨૪-૧૧-૨૦૨૧ના કાર્યક્રમમાં કાર્યાલય સાથે અન્ય વ્યવસ્થા પ્રમુખશ્રી કિશોરભાઇ બકરાણિયા, ઉપપ્રમુખશ્રી ભરતભાઇ ઉછડીયા, તથા વિમલભાઇ સોંડાગર, કમલેશભાઇ સાપરા, શૈલેષભાઇ માંડવીયા, પ્રફુલભાઇ કરશાળા, અશોકભાઇ સોનીગરા, ગોપાલભાઇ ખંભાયતા, નિતીનભાઇ ચંદવાણીયા, ઇશ્વરભાઇ પંચાસરા, જીતેન્દ્રભાઇ ધારૈયાએ સુંદર રીતે સંભાળેલ.સમગ્ર કાર્યક્રમ શ્રી અરવિંદભાઇ સોંડાગરની અધ્યક્ષતામાં શ્રી રમણીકભાઇ પાટણવાડિયાએ સંકલન કામગીરી સાથે સફળતાપૂર્વક સંભાળેલ હતી.

# ધ્રાંગધરિયા પરિવાર દ્વારા સ્નેહમિલન યોજાયું





રાજકોટ શહેર ગુર્જર સુતાર ધ્રાંગધરિયા પરિવાર દ્વારા તા. ૧૯ નવેમ્બરના રોજ પારિવારીક સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્નેહમિલનમાં ધ્રાંગધરિયા પરિવારના સભ્યોએ એક બીજાને મળીને નવા વર્ષની શુભકામના વ્યકત કરવામાં આવી હતી અને બાદમાં સૌએ પ્રિતી ભોજનનો આસ્વાદ માણ્યો હતો. ધ્રાંગધરિયા પરિવારના ૫૦૦ જેટલા ભાઇ-બહેનો આ સ્નેહમિલનમાં ઉપસ્થિત રહયા હતા.

આયોજનને સફળ બનાવવા અનિલભાઇ ધ્રાંગધીરયા, રીતેષભાઇ ધ્રાંગધરિયા, દિનેશભાઇ ધ્રાંગધરિયા, સંજયભાઇ ધ્રાંગધરિયા, જગદીશભાઇ ધ્રાંગધરિયા, અશ્વિનભાઇ ધ્રાંગધરિયા, ચેતનભાઇ ધ્રાંગધરિયા, મિતેશભાઇ ધ્રાંગધરિયા અને નલિનભાઇ ધ્રાંગધરિયા સહિતના આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.

# શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ વિશ્વકર્મા બાગ જામખંભાળીયામાં નવરાત્રિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી





શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ વિશ્વકર્મા બાગ જામખંભાળીયા દ્વારા નવરાત્રિ મહોત્સવ ૨૦૨૧નું જ્ઞાતિના સંકુલમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ફક્ત ગુર્જર સુતાર જ્ઞાતિ માટેના આ આયોજનમાં જ્ઞાતિજનોએ ખુબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને નાના બાળકો યુવાઓ અને વડીલો પણ નવરાત્રિના નવે દિવસ ગરબાના તાલે આનંદથી રમ્યા હતા અને નવરાત્રિની ઉજવણી ખરા અર્થમાં સાર્થક કરી હતી. આ નવરાત્રિ મહોત્સવમાં જ્ઞાતિના નાના મોટા સૌ કાર્યકરો દ્વારા ખુબ જ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં નવ દિવસ દરમ્યાન ઉપસ્થિત સૌ જ્ઞાતિજનોએ ઠંડાપીણા આઇસ્ક્રીમ અને અવનવી વેરાયટીમાં હળવો નાસ્તો અલ્પાહાર વગેરેની સુંદર સુવિધા કરવામાં આવી હતી.

નવરાત્રિ દરમ્યાન નવે દિવસ માતાજીની આરતીમાં પ્રસાદીના લાભાર્થી શ્રી જેન્તીભાઇ હંસરાજભાઇ અઘેડા પરિવાર હસ્તે નિલમભાઇ તથા અમિતભાઇ (ક્રિષ્ટલ ઇન્ડસ્ટ્રીઝ જામનગર)એ લાભ લીધો હતો. તેમજ નવરાત્રિ મહોત્સવ તથા શરદપૂર્ણિમા દરમ્યાન આઇસ્ક્રીમ ઠંડાપીણા તેમજ અલ્પાહાર વગેરેની સેવા આપનાર લાલજીભાઇ વઘાડીયા, ગં.સ્વ. પ્રભાબેન ઘેલુભાઇ દુધૈયા, મોહનભાઇ પંચાસરા, જેન્તીભાઇ વોરલીયા, મનસુખભાઇ સુરેલીયા, હેમતભાઇ મેસવાણીયા, સ્વ. મહેશભાઇ ભારદીયા પરિવાર, સુંદરજીભાઇ સુરેલીયા, જયેશભાઇ સુરેલીયા, હરૂભાઇ વઘાડીયા, ગૌતમભાઇ અંબાસણા તેમજ સ્વ. ડાયાભાઇ દેવજીભાઇ સુરેલીયા પરિવાર વગેરેએ સેવાનો લાભ લીધો હતો. તેમજ નવરાત્રિ અને શરદપૂર્ણિમા દરમ્યાન જ્ઞાતિના નાના-મોટા સૌ કાર્યકરોએ તથા જ્ઞાતિજનોએ તન-મન-ધનથી સેવા આપી હતી.

સુંદર રમવા બદલ સૌ ખેલૈયાઓને દર્શન ભરતભાઇ વડગામા તરફથી વિશેષ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. તેમજ જ્ઞાતિના કાર્યકરો તરફથી નાના-મોટા સૌ ખેલૈયાઓને વિશેષ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. તેમજ ૧૯ નાના બાળાઓને રૂા. ૧૦૧ રોકડ ઇનામ દરેકને પુરસ્કાર રૂપે મનોજભાઇ ડાયાભાઇ દુધૈયા પરિવાર (હાલ ભીંવડી) મુળગામ મોઢા તરફથી આપવામાં આવ્યા હતા. નવરાત્રિ મહોત્સવનું સંચાલન જયંતીભાઇ સુરેલીયાએ કર્યું હતું.

## જામજોધપુર મુકામે ગુર્જર સુતાર જ્ઞાતિ ભાઇ-બહેનોનું સ્નેહમિલન યોજાયું

જય વિશ્વકર્મા સાથ ઇષ્ટદેવની કૃપાથી જામજોધપુર મુકામે વિક્રમ સંવત ૨૦૭૮નું નવા વર્ષનું તા. ૫-૧૧-૨૦૨૧ના શુક્રવારના જ્ઞાતિની વાડીમાં સવારના ૧૦ થી ૧૧.૩૦ વાગ્યા સુધી જ્ઞાતિ ભાઇ-બહેનોનું સ્નેહમિલન યોજવામાં આવેલ.

જેમાં આગલા દિવસે સફાઇ કાર્યને અગ્રતા આપી ફળીયામાં સુશોભિન-આકર્ષક રંગોળી તથા મંદિર શણગાર તોરણ વિગેરે યુવાનોએ બનાવેલ (યુવા બ્રિગેડ દર્શન પેશાવરીયા, આશીષ આમરણીયા, ચિંતન વડગામા, પ્રિન્સ વડગામા, પાર્થ વડગામા)

સ્નેહમિલનમાં જામજોધપુર અને બહારગામથી આવેલ સગા-સંબંધીઓએ હાજરી આપેલ અને અરસપરસ શુભેચ્છા પાઠવેલ. પ્રમુખશ્રીએ દરેકને સન્માન સાથે નવા વર્ષની શુભેચ્છા પાઠવેલ અને દાદાને સુખાકારી માટે પ્રાર્થના કરેલ.

શ્રી વિશ્વકર્મા દાદાની સવારની આરતી-પુજન, સ્નેહમિલન, અરસપસ વાતો, અને આનંદ સાથે બહોળી સંખ્યામાં હાજર જ્ઞાતિ પરિવાર, અલ્પાહારને ન્યાય આપી કાર્યક્રમ પુરો કરવામાં આવેલ.

અલ્પઆહારનું ખર્ચ રમેશભાઇ ચીમનભાઇ છત્રાલીયા તરફથી તેમના માતુશ્રી સ્વ. વિજયાબેન ચીમનભાઇના સ્મરણાર્થે જ્ઞાતિને મળેલ છે તે બદલ જ્ઞાતિ તેમની આભારી છે.

આ કાર્યક્રમને હેમંતભાઇ પેશાવરીયા, પ્રદીપભાઇ વડગામા, દલસુખભાઇ વડગામાએ પોતાનો સમય ફાળવીને સફળ કરેલ છે. જ્ઞાતિ સમાજ તેમનો આભાર માને છે.

# જીતેશ પીલોજપરા : કલા ક્ષેત્રે ઝળહળતી પ્રતિભા

## રાજકોટ પોલીસ દ્વારા યોજાયેલ સ્પર્ધામાં ત્રીજુ અને કોર્પો. દ્વારા આયોજીત સ્પર્ધામાં આશ્વાસન ઇનામ







રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દીપોત્સવી પર્વ નિમિત્તે આઝાદીનો અમૃત મહોત્સવ અંતર્ગત રંગોળી સ્પર્ધા યોજવામાં આવી હતી. આ રંગોળી સ્પર્ધામાં ત્રણ વિજેતા ઉપરાંત ૪૦ જેટલા કલાકારોને આશ્વાસન ઇનામો આપવામાં આવ્યા હતા. આ ૪૦ કલાકારોમાં જીતેશભાઇ પીલોજપરાનો સમાવેશ થાય છે. જીતેશ પીલોજપરાએ રંગોળી સ્પર્ધામાં ૧૦૦ કરોડ વેક્સીનેશનની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સિદ્ધિને બિરદાવતુ ૫ શ ૫ ફુટની રંગોળી બનાવી હતી. જેને આશ્વાસન ઇનામ જાહેર થયું હતું. કોર્પોરેશનના સાંસ્કૃતિક વિભાગ દ્વારા જીતેશ પિલોજપરાને ૧૦૦૦ રૂા.નું રોકડ ઇનામ એનાયત કરવામાં આવ્યું હતું. રેસકોર્ષ રંગોળી સ્પર્ધામાં આશ્વાસન ઇનામ મેળવી જીતેશ પિલોજપરાએ સમાજનું ગૌરવ વધાર્યું છે.

ટાગોર માર્ગ પર સિદ્ધિ ગ્રાફીકસના નામથી ગ્રાફીકસનું કામ કરતા જીતેશ પિલોજપરા ડ્રોઇંગ, પેઇન્ટીંગ અને કમ્પ્યુટરને લગતુ પણ કામ કરે છે.






જીતેશ પિલોજપરાએ ૧૨ સાયન્સ કરીને વઢવાણમાં ૧૯૯૯માં ડીપ્લોમા ઇન એટસાઇટ માટેનો ડીપ્લોમા કરેલ છે. વ્યવસાયની સાથે પેઇન્ટીંગનો શોખ પણ જાળવી રાખનાર જીતેશ પિલોજપરા ચિત્રનગરી પ્રોજેક્ટ સાથે પણ જોડાયેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત જીતેશ પિલોજપરાએ વિવિધ સ્થળોએ બનાવેલ પેઇન્ટીંગમાં તેમની કલાનું દર્શન થાય છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બાલવિકાસ મંડળ, મહિલા મંડળ ઉપરાંત અમદાવાદની સેન્ટ્રલ જેલમાં જીતેશ પિલોજપરાના પેઇન્ટીંગ લોકો માટે આકર્ષણરૂપ બન્યા છે.


રાજકોટ પોલીસ દ્વારા રાષ્ટ્રીય એકતા દિન નિમિત્તે થોડા સમય પહેલા કોરોના વિષયક ચિત્ર સ્પર્ધા યોજાઇ હતી. તેમાં પણ જીતેશ પિલોજપરાએ ત્રીજુ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વિશ્વકર્મા વિશ્વની ઘર રંગોળી સ્પર્ધામાં પણ જીતેશ પિલોજપરાએ ભાગ લીધો હતો. તેની રંગોળી પણ ૨૦૨૧ના કેલેન્ડરમાં સ્થાન પામશે.

# રા.મ્યુ. કોર્પો. દ્વારા યોજાયેલ રંગોળી સ્પર્ધામાં

# દીપાલી ભારદીયાના ગ્રુપે દ્વિતિય સ્થાન મેળવી રૂા. ૨૫૦૦૦ રોકડ પુરસ્કાર મેળવ્યો

## દીપાલી ભારદીયા યુ-ટયુબ ચેનલ દ્વારા પેઇન્ટીંગના કલાસ પણ ચલાવે છે







વિશ્વકર્મા પ્રભુજીએ આપેલ કલાનો વારસો દીપાલી કિશોરભાઇ ભારદીયાએ ખરેખર ઉજાગર કર્યો છે. વિશ્વકર્મા પ્રભુજીનો કલાનો વારસો અને માતાએ આપેલ કલાના સંસ્કારે દીપાલીએ રંગોળી સ્પર્ધામાં ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. રાજકોટમાં દીપોત્સવી પર્વ નિમિત્તે રાજકોટ મહાનગરપાલિા દ્વારા યોજાયેલ આઝાદી કા અમૃત મહોત્સવ નામથી યોજાયેલ રંગોળી કાર્નિવલમાં દીપાલી ભારદીયા અને તેમના અન્ય ત્રણ કલાકાર સાથીદારોએ બનાવેલ રંગોળીમાં બીજું સ્થાન પ્રાપ્ત કરી અને રૂ. ૨૫૦૦૦નું ઇનામ પ્રાપ્ત કરી ભારદીયા પરિવાર જ નહીં સમસ્ત વિશ્વકર્મા પરિવારનું ગૌરવ વધાર્યું છે.

દીપાલી ભારદીયા વિશ્વકર્મા વિશ્વની વાતચીતમાં જણાવ્યું કે મારી માતા રંજનબેનને રંગોળી અને અન્ય કલાનો શોખ. તેમના આ શોખે મને પણ પ્રોત્સાહિત કરી એ મારી ટીમ સાથે પ્રથમ વખત જ સ્પર્ધામાં ભાગ લીધો અને બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

દીપાલી કિશોરભાઇ ભારદીયા મુળ દ્વારકા જીલ્લાના મોટા આસોટાની વતની. છેલ્લા છ વર્ષથી રાજકોટ સ્થળાંતર થયું. કોરોનાકાળમાં દીપાલીના પિતા કિશોરભાઇનું દુઃખદ અવસાન થયું. તે મવડી પ્લોટમાં ઇસ્કોન એમવીસ્ટોમાં માતા અને નાની બેન સાથે રહે છે.

દીપાલી ભારદીયાએ એમ.કોમ. પુરૂ કર્યું છે. નીટની પરીક્ષા આપી આસી. પ્રોફેસર બનવા માટે પ્રયત્નશીલ છે દીપાલીનો પરિવાર જોઇન્ટ પરિવાર બીઝનેશમાં છે. રોકવેલ ટર્નોમેટીક નામથી ચાલે છે. વિનુભાઇ ભારદીયા દીપાલીના કાકા થાય છે.

દીપાલી ભારદીયાને ડ્રોઇંગ પેઇન્ટીંગ વગેરે કલાનો શોખ નાનપણથી જ ગામડે રહેતી ત્યાં પણ તેમની આ કલા પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો. રાજકોટ આવ્યા બાદ તેમણે અજંટા આર્ટ કલાસ જોઇન્ટ કર્યા. હરેશભાઇ બડેલીયાના માર્ગદર્શન હેઠળ કલા પ્રવૃત્તિનો વિસ્તાર થયો. સંસ્થા દ્વારા યોજાતા સેમીનાર સ્પર્ધામાં પણ પ્રથમ-દ્વિતિય નંબર મળવા લાગ્યો. રાજકોટ મ્યુ. કોર્પોરેશન દ્વારા દીપોત્સવી નિમિત્તે સ્પર્ધા યોજાઇ દીપાલી કહે છે, આવી જાહેર સ્પર્ધામાં પ્રથમ વખત જ ભાગ લીધો અને અમારુ ગ્રુપ દ્વિતિય વિજેતા બન્યુ. અમને કોર્પો. તરફથી રૂા. ૨૫૦૦૦ નો પુરસ્કાર પણ મળ્યો.

થોડા સમય પહેલા શ્યામાપ્રસાદ આર્ટ ગેલેરી ખાતે પણ રંગોળીનો સેમીનાર હતો તેમાં દીપાલી ભારદીયાએ રાજકોટના મેયર પ્રદીપભાઇ ડવનું પોર્ટ્રેઇટ બનાવ્યુ હતું. જેની ચારેકોર પ્રસંશા થઇ હતી.

દીપાલીની કલાને પ્રોત્સાહન આપવાની સાથોસાથ કલા પ્રેમીઓએ તેમને અન્ય કલાકારોને પણ તાલીમ આપવાનું શરૂ કર્યા બાદ શરૂઆતમાં તેમણે ઘણા વિદ્યાર્થીઓને ઓનલાઇન તાલીમ આપી. ત્યારબાદ આ પ્રવૃત્તિ નિયમિત કરવાની પણ માંગ ઉઠતા દીપાલીએ આર્ટના ઓનલાઇન કલાસ યુ-ટયુબ ચેનલ પર શરૂ કર્યા છે. https://youtube.com/chitraman યુટયુબ ચેનલ પર દિપાલીની કલાને નિહાળી શકાય છે.

યુટયુબ ચેનલ પર હાલ દીપાલી લંડન, પુના-બેંગ્લોર, રાજકોટ સહિતના શહેરોના ૧૫ જેટલા કલાકારોને તાલીમ આપી રહી છે. દિપાલીએ વિશ્વકર્મા વિશ્વ દ્વારા આયોજીત ઘર રંગોળી સ્પર્ધામાં પણ ભાગ લીધો હતો. તેની રંગોળી કેલેન્ડરમાં સ્થાન પામશે.

# વિશ્વકર્મા વિશ્વ આયોજીત ઘર રંગોળી સ્પર્ધામાં

# પ્રત્યેક રંગોળીમાં વિશ્વકર્મા પ્રભુએ આપેલ કલાનો વારસો ઉજાગર થયો છે : શ્રી જવાહરભાઇ મોરી






પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ કલા-કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતા એક માત્ર મલ્ટીમીડિયા મેગેઝીન વિશ્વકર્મા વિશ્વ દ્વારા દીપોત્સવી પર્વ નિમિત્તે સૌપ્રથમ નવો કન્સેપ્ટ ગણી શકાય તેવો વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.


અત્યાર સુધી વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધાનું ક્ષેત્ર મર્યાદિત હતું. એટલે કે આ રંગોળી સ્પર્ધા ફકત રાજકોટના કલાકાર ભાઇ-બહેનો પુરતી મર્યાદિત હતી. રાજકોટ શહેર પુરતી આ સ્પર્ધા મર્યાદિત હતી ત્યાં સુધી નિર્ણાયકો આવેલ તમામ રંગોળી ટીવી સ્ક્રીન પર જોતા અને ત્યારબાદ પ્રાથમિક પસંદગી કર્યા બાદ નિર્ણાયકોની ટીમ બેસતા વર્ષના દિવસે પ્રત્યેક કલાકારોને ઘેર જતા. બેસતા વર્ષના દિવસે મોડી રાત સુધી નિરીક્ષણની આ પ્રક્રિયા ચાલતી હતી. પરંતુ છેલ્લા બે વર્ષથી પ્રવતર્તી વર્તમાન કોરોનાની પરિસ્થિતિને કારણે સ્પર્ધકોને ઘેર-ઘેર જવાનું શક્ય ન હોવાથી ગત વર્ષથી નિર્ણાયકો પોતાના ઘેર ટી.વી. સ્ક્રીન પર સ્પર્ધામાં આવેલ રંગોળી નિહાળી અને ત્યારબાદ પોતાનો નિર્ણય જાહેર કરે. આ વર્ષે બહારગામના કલાકારોએ આ વોટસએપ આધારીત રંગોળી સ્પર્ધામાં ભાગ લેવાની ઇચ્છા પ્રદર્શિત કરતા આ વર્ષથી અત્યાર સુધી ફકત રાજકોટ પુરતી વોટસએપ આધારીત રંગોળી સ્પર્ધા યોજાતી તેને બદલે કોઇપણ શહેરના કે વિદેશના કલાકારો માટે પણ સ્પર્ધા ખુલી મુકવાના પરિણામે આ વર્ષે વોટસએપ આધારીત રંગોળી સ્પર્ધામાં રાજકોટ ઉપરાંત અન્ય શહેરનાં જ નહીં આફ્રિકા જેવા દેશમાંથી પણ કલાકારોએ આ રંગોળી સ્પર્ધામાં ભાગ લીધો. વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધામાં દેશ-વિદેશથી આવેલ તમામ રંગોળીને નંબર આપી અને આ તમામ રંગોળી નિર્ણાયકો આર્કિટેક-ઇન્ટીરીયર જવાહરભાઇ મોરી અને શીલાબેન મોરીને સુપરત કરી દેવામાં



**વિજેતા-૧**
**મિતલ મુકુંદભાઇ ઘોરેચા**
નંદનવન પાર્ક-૨, રણજીતસાગર રોડ, જામનગર.



**વિજેતા-૨**
**ભરત તલસાણિયા**
૨-સ્ટેશન પ્લોટ, ગોંડલ.



**વિજેતા-૩**
**દેવ્યાની એમ. કાપડે**
જયરાજ રત્ન ચસ(૧૨. નં. બિલ્ડીંગ) ન્યુ શાસ્ત્રીનગર, ગોરેગાંવ(વેસ્ટ) મુંબઇ

આવી અને નિર્ણાયકોએ સ્પર્ધામાં આવેલ તમામ રંગોળી ટીવી સ્ક્રીનના મોટા પડદા પર નિહાળી અને પોતાનું પરિણામ વિશ્વકર્મા વિશ્વને સુપરત કર્યું.

નિર્ણાયકોએ કુલ ૨૦ રંગોળી પસંદ કરી છે. જેમાંથી ૧૨ રંગોળી પસંદ કરીને પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ ૨૦૨૨નું અંગ્રેજી કેલેન્ડર બનાવવામાં આવશે. છેલ્લા ૫ વર્ષથી આ રીતે સ્પર્ધામાં વિજેતા થયેલા કલાકારો અને તેની રંગોળી સાથેના ફોટોગ્રાફ સાથે આ કેલેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવે છે.

વિશ્વકર્મા પરિવાર માટે ગૌરવની વાત એ છે કે, અત્યાર સુધી પ્રસિદ્ધ થયેલ કેલેન્ડરનું વિમોચન ગુજરાતના ભૂ.પૂ. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે કરવામાં આવ્યું હતું.

નિર્ણાયકોએ પસંદ કરેલ તમામ રંગોળી પૈકીની પ્રથમ ૧ થી ૨૦ રંગોળીના કલાકારોને તેની રંગોળી અને કલાકારના ફોટા સાથેનું પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

વોટસએપ આધારીત આ ઘર રંગોળી સ્પર્ધાના નિર્ણાયકો તરીકે આર્કિટેકટ-ઇન્ટીરીયર શ્રી જવાહરભાઇ મોરી અને તેમના પત્ની શ્રીમતી શીલાબેન જવાહરભાઇ મોરીએ સેવા આપી હતી.

જવાહરભાઇ મોરીએ એમ.એસ. યુનિવર્સિટીમાં આર્કિટેકચર કર્યા બાદ અમદાવાદમાં માસ્ટર ડિગ્રી મેળવેલ છે. અને ૧૯૮૮થી પ્રેકટીસ કરે છે. તેઓ આર્કીટેકટ કોલેજો સાથે પણ સંકળાયેલા છે. મેન્ટલી રીટાયર્ડ સંસ્થાઓ તેમજ ઉમિયા પરિવારની વિવિધ સેવાકીય પ્રવૃત્તિમાં જોડાયેલા છે. તેમના પત્ની શીલાબેને પણ ઇંગ્લીશમાં બી.એ. કર્યા બાદ અમદાવાદની સી.એન. કોલેજ ઓફ આર્ટસમાં આર્ટસનો અભ્યાસ કર્યો છે.

બંને નિરીક્ષકો જવાહરભાઇ મોરી અને શિલાબેન મોરીને આપેલ તમામ રંગોળીના કોડ નંબર રંગોળી આપી હતી. અને તેઓએ ટીવી સ્ક્રીન પર રંગોળીઓ જોઇને પરિણામ આપ્યું છે.

### નિર્ણાયકો શું કહે છે ?

ઘર રંગોળી સ્પર્ધાના નિરીક્ષકો શ્રી જવાહરભાઇ મોરી અને શીલાબેન મોરીએ સ્પર્ધા અંગે પોતાનો અભિપ્રાય વ્યકત કરતા કહયું કે, રંગોળી સ્પર્ધામાં આવેલ રંગોળીઓ ખુબજ સરસ છે. વિશ્વકર્મા પ્રભુજીએ આપેલ કલાના વારસો કલાકારો ઉજાગર કરતા રહયા છે. જે આનંદની વાત છે. તેઓએ કહયું કે એકે એક રંગોળીઓ સરસ છે. રંગોળીમાં પૈકીની કઇ પસંદગી કરવી તે અંગેનો નિર્ણય કરતા બેદિવસ જેવો સમય લાગ્યો. રંગોળીનો કન્સેપ્ટ, આર્ટવર્ક, અને ડીટેઇલીંગ જેવા પાસાને ધ્યાનમાં લઇને રંગોળીની પસંદગી કરી છે.

આ પ્રકારની વોટસએપ આધારીત રંગોળી સ્પર્ધાનો કન્સેન્ટ નવીનતા ભર્યો છે. આ પ્રકારની સ્પર્ધાથી કલાકારોની કલા બહાર આવે છે. તેમ કહી બંને નિરીક્ષકોએ કહયું કે, પસંદગીની રંગોળીમાંથી કેલેન્ડર બનાવવું અને આ કેલેન્ડરના માધ્યમથી કલાકાર અને તેની કલા ઘેર-ઘેર પહોંચાડવી તે ખરેખર પ્રસંશનીય કામ છે અને આવા કામ માટે તેઓએ વિશ્વકર્મા વિશ્વને પણ અભિનંદન આપ્યા હતા.

# ‘વિશ્વકર્મા વિશ્વ’ દિપોત્સવી અંકનું શ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે વિમોચન

## વિશ્વકર્મા પરિવાર દ્વારા વધુને વધુ માનવ કલ્યાણના કામો થાય : શ્રી વિજયભાઇ રૂપાણી

કલા-કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતા સમસ્ત વિશ્વકર્મા પરિવારના એકમાત્ર મલ્ટીમીડિયા મેગેઝીન વિશ્વકર્મા વિશ્વના દીપોત્સવી વિશેષાંકનું વિમોચન ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ તેમના નિવાસસ્થાને કર્યું હતું. આ પ્રસંગે ભારતીય જનતા પક્ષના અગ્રણી શ્રી નીતિન ભારદ્વાજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્ય મેહુલભાઇ રૂપાણી અને વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજજર ઉપસ્થિત રહયા હતા.



વિશ્વકર્મા વિશ્વના દીપોત્સવી વિશેષાંકનું વિમોચન કર્યા બાદ પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વિશ્વકર્મા પરિવારને દીપોત્સવી પર્વ અને નવા વર્ષની શુભકામના આપી હતી.

શ્રી વિજયભાઇ રૂપાણીએ દીપોત્સવી પર્વ નિમિત્તે સંદેશામાં કહયું કે આપણી હિંદુ સંસ્કૃતિની પરંપરામાં દીવાળી અને બેસતુ વર્ષ સૌથી મોટો તહેવાર છે. આ તહેવાર પ્રકાશનો તહેવાર છે. અંધકાર દુર થાય અને પ્રકાશ દરેકના જીવનમાં ઝગમગે, નવા ઉત્સાહ, નવો ઉમંગ, નવી સોચની સાથે નવા વર્ષમાં બધા ખુબ પ્રગતિ કરે, વિશ્વકર્મા જેણે સર્જન કર્યું છે. જેણે હંમેશા કદી ધ્વશ નથી કર્યું સર્જન કર્યું છે. તેવો વિશ્વકર્મા પરિવાર દ્વારા વધુને વધુ સર્જન કરી લોકપયોગી, માનવ કલ્યાણના કામો થાય તેવી નવા વર્ષની શુભકામના.

રમ્ય પબ્લીકેશન દ્વારા પ્રકાશીત વિશ્વકર્મા વિશ્વ દ્વારા પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ ૧૦૦ પાનાનો દળદાર દીપોત્સવી પ્રકાશિત કર્યો છે. દીપોત્સવી અંકમાં નીતિન વડગામા, ગીતા માણેક, આશુ પટેલ, લલીત ખંભાયતા, કૌશિક મહેતા, ડો. વિષ્ણુ પ્રજાપતિ, ડો. અનિલ અંબાસણા, શ્રી જોરાવરસિંહ જાદવ, પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી, , નટવર આહલપરા, હસમુખ બોરાણીયા, પ્રો. બાવળેચા સહિતના લેખકોના લેખો, વાર્તા, કાવ્ય સહિતની વાચન સામગ્રી પીરસવામાં આવી છે.

દીપોત્સવી વિશેષાંક રાજેશ બુક સ્ટોલ પરથી અથવા રમ્ય પબ્લીકેશન, ૩૨૦ હીરા પન્ના, ડો. યાજ્ઞિક રોડ, પરથી ઉપલબ્ધ થઇ શકે છે. સંપર્ક : પ્રવીણ ગજજર - મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫.

# વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધા-૨૦૨૧ની પ્રોત્સાહક રંગોળી






**4**

**ક્રિષ્ના પિત્રોડા**

માધુર્ય, ૫૩-પર્ણકુટી સોસાયટી, શેરી નં. ૧-એ, નાના મવા મેઈન રોડ, રાજકોટ.





**5**

**ભાવનાબેન ભરતભાઈ પરમાર**

માધવપાર્ક-૩, એમ.ડી. સ્કુલ સામે, પાળીયાદ રોડ, બોટાદ.







**6**

**રચના મિલન નગેવાડિયા**

ઈ-૧૩૦૨ સત્યદીપ હાઈટ્સ, પાલ્મ ગ્રીનની બાજુમાં, ટોરેન્ટ પાવર સબસ્ટેશનની પાસે, મકરબા, અમદાવાદ.




**7**

**હીમા પંચાલ**

શાંતિવન સોસાયટી, ઓમકારેશ્વર ટેમ્પલ, બોટાદ.







**8**

**હર્ષાબેન સુરેલિયા**

એ-૩૦૭, મંગલમ એપાર્ટમેન્ટ, અરવિંદ પાર્ક સોસાયટી, દોલતપરા, જુનાગઢ.





**9**

**માનસી ભાડેશીયા**

૪૦૧, હરીકૃષ્ણા એપાર્ટમેન્ટ, રણછોડનગર-૦૫, રાજપુતવાડી, રાજકોટ.

# વોટ્સએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધા-૨૦૨૧ની પ્રોત્સાહક રંગોળી





10

**વેનિશા ચંદ્રેશભાઈ કલોલિયા**

આનંદનગર કોલોની ક્વાર્ટર નં. ૨૫૮, બી-૩૬, ઓમ સ્કુલ પાસે, રાજકોટ.





11

**શિતલ હિતેશભાઈ કલોલિયા**

પી.ઓ. બોક્સ-૨૧૪૭૨, દાર-એ-સલામ, તાન્ઝાનીયા.





12

**દિપાલી ભારદીયા**

એફ-૭૦૪, ઈસ્કોન અંબીટો, મવડી, કણકોટ રોડ, રાજકોટ.






13

**જીતેશ પિલોજપરા**

એ-૨૪ ક્રિષ્ના બંગલોઝ, માધવ પાર્ક-૩, શેરી નં. ૨, ગોર્વધન ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ.





14

**ધ્વની હિતેશ પંચાસરા**

૬૦૨, રામઆશિષ, દત્તાપડા રોડ, રામ મંદિર પાસે, બોરીવલી (ઈસ્ટ) મુંબઈ.







15

**શિવાની બી. ભાડેશિયા**

'સદભાવના', ૫-મેહુલનગર, નિલકંઠ સિનેમા પાછળ, કોઠારીયા રોડ, રાજકોટ.

# વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધા-૨૦૨૧ની પ્રોત્સાહક રંગોળી







16

**આકૃતિ પિલોજપરા**
'શકિત', તિરૂપતિનગર-૪, નાના મવા
મેઈન રોડ, રાજકોટ.



17

**દર્શના પંચાસરા**
'અવધ', બી૧/૬૨ હરીદ્વાર
સોસાયટી-૨, સાગરહોલની સામે,
૮૦ ફૂટ રોડ, રાજકોટ.





18

**ઉર્મિલાબેન પ્રમોદચંદ્ર સુથાર**
બી-૩૦, ધર્મેન્દ્રનગર સોસાયટી,
પદમાવતી નગર સોસાયટી પાસે ,
નરોડા, અમદાવાદ.





19

**ડોલી તલસાણિયા**
બી-૧૨૦૨, પેન્ટાગોન, સ્પીડવેલપાર્ટી
પ્લોટની સામે, નાના મવા મેઈન રોડ,
રાજકોટ.





20

**જયના મહેશભાઈ બદ્રકિયા**
'વૃંદાવન' શિવધારા રેસીન્ડેનસી, શેરી નં.
૩, મધુવન મેઈન રોડ, કુવાડવા રોડ,
રાજકોટ૩.

# ગુર્જર સુતાર જ્ઞાતિ જામનગર દ્વારા યોજાયો અનેરો સન્માન સમારોહ
















શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ-જામનગર દ્વારા પટેલ કોલોનીમાં વિશ્વકર્મા બાગમાં આવેલ રવિકુમાર ભારદીયા હોલ ખાતે સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. સમારંભમાં સાંસદ રામભાઇ મોકરીયા, ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલ, ધારાસભ્ય હકુભા જાડેજા વગેરે મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતુ. આ દિવસે શ્રી અમૃતલાલ ભારદીયાનો જન્મદિવસ હોય સાંસદ રામભાઇ મોકરીયા ગુર્જર સુતાર જ્ઞાતિ જામનગરના હોદ્દેદારો તેમજ વિવિધ સમાજોએ પણ શ્રી અમૃતલાલ ભારદીયાનું સન્માન કરી જન્મદિનની શુભેચ્છાઓ આપી હતી. આ પ્રસંગે ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બક્રકિયા સહિતના શાંતિભાઇ ખોડદીયા વિ. આગેવાનોનું પણ સન્માન કર્યું હતું. (ફોટો : પ્રવીણ ગજજર)

# ગુ.સુ. જ્ઞાતિ જામનગર દ્વારા યોજાયો સન્માન સમારોહ

# આદર્શ રાજકારણ માટે જ સાંસદ બન્યો છું : શ્રી રામભાઇ મોકરીયા

- પ્રવીણ ગજ્જર



## સમગ્ર જામનગર શહેરે મારું સન્માન કર્યું હોવાની અનુભૂતિ મહેસુસ કરું છું : શ્રી રામભાઇ મોકરીયા

શ્રી જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા તા. ૧૭ ઓકટોબરના રોજ પટેલ કોલોનીમાં આવેલ વિશ્વકર્મા ધામ ખાતેના રવિ ભારદીયા એ.સી. હોલ ખાતે રાજયસભાના સાંસદ રામભાઇ હરજીભાઇ મોકરીયા અને ઉદ્યોગપતિ શ્રી અમૃતલાલ ભારદીયાના મુખ્ય મહેમાનપદે સર્વે સમાજના સેવાભાવી અને કર્તવ્યનિષ્ઠ મહાનુભાવોનું સન્માન કરવા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સન્માન સમારંભમાં સાંસદ રામભાઇ મોકરીયા, ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલ, ધારાસભ્ય હકુભા જાડેજા વગેરે મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. યોગાનુયોગ આજ દિવસે શ્રી અમૃતલાલ ભારદીયાનો જન્મદિવસ હોઇ તેમનું પણ રામભાઇ મોકરીયા, જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ તેમજ કાર્યક્રમમાં ઉપસ્થિત ગામેગામના સમાજના અગ્રણીઓએ હારતોરા કરીને સન્માનપત્ર આપી અદકેરુ સન્માન કર્યું હતુ.

આ સન્માન સમારોહમાં શ્રી રામભાઇ મોકરીયા, ગોવિંદભાઇ પટેલ, મંત્રી રાઘવજીભાઇ પટેલ આવી પહોંચ્યા. ત્યારે પ્રવેશદ્વારે ઢોલ-નગારાથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. હોલમાં પ્રવેશદ્વાર આગળ રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરેલ દીકરીયુએ આ મહાનુભાવો પર પુષ્પવૃષ્ટિ કરીને અદકેરું સન્માન કર્યું હતું.

રવિકુમાર ભારદીયા એ.સી. હોલમાં સન્માન સમારોહના પ્રારંભમાં ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યા બાદ બહેનોએ શાસ્ત્રીય નૃત્ય કરીને સૌનુ સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્ટેજ પર સાંસદ શ્રી રામભાઇ મોકરીયા, શ્રી અમૃતલાલ ભારદીયા, ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલ, રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકીયા, ઉપપ્રમુખ કાંતીભાઇ તલસાણિયા, લોહાણા સમાજ જામનગરના પ્રમુખ શ્રી જીતુભાઇ લાલ, દ્વારકાદાસ રાયચુરા, વજુભાઇ પાબારી, ઉપલેટા નગરપાલિકાના પ્રમુખ મયુરભાઇ સુવા, અમદાવાદ યુથ ફોરમના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા, તેમજ વિવિધ સમાજના આગેવાનો બિરાજમાન થયા હતા.

**શ્રી રામભાઇ મોકરીયા ખરેખર જ રામ છે : શ્રી અમૃતલાલ ભારદીયા**

જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિના ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયાએ આ સન્માન સમારોહનો હેતુ સમજાવી ઉપસ્થિત મહાનુભાવોનો વિસ્તૃત પરિચય આપી જણાવ્યું હતું કે, કાર્યક્રમમાં મહાનુભાવોની ઉપસ્થિત અને ગામેગામના સમાજના હોદ્દેદારો આગેવાનો વગેરેની ઉપસ્થિત અમારા માટે ગૌરવની વાત છે.

આ પ્રસંગે સાંસદ રામભાઇ મોકરીયાનું ફુલહાર અને સન્માનપત્ર આપી દિલીપભાઇ ભારદીયા, પ્રમુખ રમણીકભાઇ ગોરેચા, કાર્યવાહક સમિતિના પ્રમુખ ભરતભાઇ વડગામા, ઉપપ્રમુખ કમલેશ ભારદીયા, રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાએ સન્માન કર્યું હતું.

જયારે ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલનું ફુલહાર અને સન્માનપત્ર આપી સન્માન જેતપુર નગરપાલિકાના પ્રમુખ મયુરભાઇ સુવા,



અમદાવાદના શાંતિભાઇ ખોડદીયાનું સન્માન



કિશોરભાઇ ગોરેચાનું સન્માન

દિલીપભાઇ ભારદીયા અને રસીકભાઇ ગોરેચાએ કર્યું હતું.

લોહાણા સમાજના પ્રમુખ જીતુભાઇ લાલનું સન્માન અમૃતલાલ ભારદીયા વગેરેએ કર્યું હતું. આજ પ્રમાણે ધારાસભ્ય હકુભાનું ફુલહાર અને સન્માનપત્ર આપી સન્માન કરાયું હતુ.

## રામભાઇ અને અમુભાઇનું જીવન કાર્ય પ્રેરણારૂપ છે : શ્રી ગોવિંદભાઇ પટેલ

શ્રી અમૃતલાલ ભારદીયાનો જન્મદિવસ હોઇ તેમનુ પણ ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયા, ધારાસભ્ય ગોવિંદભાઇ, સાંસદ રામભાઇ મોકરીયા, પ્રમુખ રમણીકભાઇ વગેરેએ ફુલહાર અને સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. લાલપુર સમાજના પ્રમુખ ચંદુભાઇ અને સાથીદારો ખંભાળીયાના પ્રમુખ હરૂભાઇ વઘાડીયા, પ્રફુલ પનારા અને સાથીદારો ઉપરાંત વિવિધ સમાજે પણ શ્રી અમૃતલાલ ભારદીયાનું સન્માન કરી જન્મદિવસની શુભકામના વ્યક્ત કરી હતી. આ ઉપરાંત સ્ટેજ પર બિરાજમાન તમામ મહાનુભાવોનું ફુલહાર તેમજ સન્માનપત્ર આપી જામનગર કમિટીના સદસ્યો અને બહારગામથી ઉપસ્થિત આગેવાનોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

## ગોંડલ રોડ પર મને જમીન આપી નરેન્દ્ર મોદીએ મારું ઋણ ચુકવ્યું છે : શ્રી અમૃતલાલ ભારદીયા

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાસંગીક ઉદબોધન કર્યા હતા.

### શ્રી અમૃતલાલ ભારદીયા



આ પ્રસંગે આપણા જામનગરને આંગણે મહાનુભાવો પધાર્યા છે. તે ગૌરવની વાત હોવાનુંજણાવી અમૃતલાલ ભારદીયાએ જણાવ્યું હતું કે હું પણ જામનગર જિલ્લાના લાંબા ગામનો વતની છું. રામભાઇ મોકરીયા અંગે તેમણે કહયુ કે, રામભાઇને હું વર્ષોથી ઓળખું છું. નવનિર્માણના આંદોલન વખતે અમે સાથે મારામારી કરી છે. રામભાઇ અને હું પોરબંદર સાથે આવ્યા. એમને એમની રીતે ધંધો શરૂ કર્યો અને મેં મારી રીતે ધંધો શરૂ કર્યો. રામભાઇ એ ખરેખર રામ છે. તેમ જણાવી અમુભાઇએ કહયુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટમાં ચુંટણી લડયા ત્યારે અમે તેમને વિજેતા બનાવવા ગામએ ગામએ ફરીને સંમેલનો કર્યા હતા. અને નરેન્દ્રભાઇએ તેનુ ઋણ પણ મને ચુકવી આપ્યું છે. આજે ગોંડલ રોડ જકાતનાકા પાસે મને ૧૦ એકર જમીન મળી તે એક પણ રૂપિયો કરપ્શન આપ્યા વગર મને મળી છે અને જમીન મળી તેમાં વજુભાઇ, ગોવિંદભાઇ, રામભાઇ વગેરેનો ફાળો છે. એકપણ રૂપિયાના કરપ્શન વગર મને જમીન આપી તેઓએ ઋણ પણ ચુકવ્યું છે. તેમણે કહયું કે, નરેન્દ્રભાઇ સી.એમ. હતા ત્યારે તેમની સાથે મિટીંગ પણ કરી હતી. મારું પ્રેઝન્ટેશન નિહાળી ખુશ થયા હતા અને મારી જમીન મંજૂર કરી હતી.

રામભાઇ મોકરીયા ખરેખર રામ છે તેમ કહીને અમૃતલાલ ભારદીયાએ કહયુ કે ભ્રષ્ટાચાર નાબુદ કરવા તેમણે જે પ્રતિક્ષા લીધી છે. તેને સફળ બનાવવા આપણે સૌએ તેને સહકાર આપવો જોઇએ.

જન્મદિવસ નિમિત્તે અદકેરું સન્માન કરનાર ઉપસ્થિત વિવિધ સમાજ પ્રત્યે પણ અમૃતલાલ ભારદીયાએ આભારની લાગણી વ્યકત કરી જણાવ્યું હતું કે મારી ફેકટરીમાં કામ કરતા પ્રત્યેકને મારા સંતાન ગણુ છું. તેઓએ જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિની પ્રગતિને બિરદાવી અને તેમણે કહયું કે, વિકાસ કાર્યમાં હું સમાજની સાથે જ રહીશ.

### શ્રી રામભાઇ મોકરીયા

રાજ્યસભાના સાંસદ રામભાઇ મોકરીયાને અમૃતલાલ ભારદીયાને મોટાભાઇ સમાન ગણાવી કહયું કે, નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના ચીફ મીનીસ્ટર બન્યા બાદ રાકોટની ચુંટણી



લડતા હતા ત્યારે હું અને નરેદ્રભાઇ મોદીના ભાઇ પ્રહલાદભાઇ, અમુભાઇ ભારદીયાને મળ્યા હતા. બાદમાં તેમના વ્યકિતગત સંપર્કો કામે લગાડયા અને ચુંટણી પ્રચાર કર્યો હતો. તેમણે સમાજની પણ અલગ અલગ મિટીંગો કરી અને નરેન્દ્રભાઇ મોદીને વિજેતા બનાવવા અઢળક પ્રયત્નો કર્યા હતા. અમુભાઇની પણ સારી મહેનત હતી. કદાચ આનુ ઋણ ચુકવવા મારી રાજયસભાના સાંસદ તરીકે વરણી થઇ છે. તેમણે કહયું કે વર્ષોથી મેં વીએચપી, એબીવીપી સહિતના ક્ષેત્રોમાં જવાબદાર નિભાવી છે. પાર્ટીની લાઇન બહાર કદી ગયો નથી. તેનું પરિણામ મને મળ્યું છે. અને રાજયસભાના સાંસદ તરીકે

જવાબદારી નરેન્દ્ર મોદીએ આપી છે. આદર્શ રાજકારણ માટે જ હું આવ્યો છું. ભગવાને મને ઘણુ આપ્યું છે. ૩૦ વર્ષ પહેલા જયારે કુરીયર શું છે તેની સમજ કોઇને ન હતી. ત્યારે કુરીયર સર્વિસ શરૂ કરી ત્યારે પણ આંગડીયાવાળા રામભાઇ તરીકેની ઓળખ હતી. આજે પણ મને ઘણા રામભાઇ આંગડીયા વાળા તરીકે ઓળખે છે.

આજે મારૂતિની શાખા દેશભરમાં ફેલાયેલી છે અને ૨૫૦૦૦ લોકોને સીધી રીતે રોજીરોટી મેળવી રહયા છે.

રામભાઇ મોકરીયાએ કહયું કે, નરેન્દ્રભાઇએ રાજયસભાના સાંસદ તરીકેની કિંમતી જવાબદરી આપી છે. ત્યારે સમાજને કેમ વધુને વધુ ઉપયોગી થવુ તે જ મારો ધ્યેય છે. હું પણ ખેડુતનો દીકરો છું. તેમ ખેડુતોની સમસ્યા પણ જાણુ છું. આ ઉપરાંત રેલ્વે-વેપાર ઉદ્યોગ સહિતના કોઇપણ ક્ષેત્રમાં પણ કોઇપણ પ્રશ્નો આવશે. તેનું નિરાકરણ કરવા કટીબદ્ધ છું. તન-મન-ધનથી હું મારી ફરજ અદા કરીશ.

તેમણે કહયું કે, નરેન્દ્રભાઇએ મને યુપીમાં પ્રચાર કરવાની પણ જવાબદારી સોંપી છે. જે સુપેરે નિભાવીશ.

ધંધો અને રાજકારણ સાથે રાખવામાં હું માનતો નથી. એટલે જ રાજયસભાનો સભ્યો બન્યો કે તરત મેં મારૂતિ કુરીયરમાંથી રાજીનામું આપી દીકરાને તમામ જવાબદારી સુપરત કરી છે.

નરેન્દ્ર મોદી વિચક્ષણ પુરૂષ હોવાનું જણાવી રામભાઇએ કહયુ કે નરેન્દ્ર મોદી અને અમિત શાહનું કોમ્બીનેશન અદ્‌ભુત છે. અને પરિણામે તેમના નેતૃત્વમાં દેશ માટે ગોલ્ડન પીરીયડ છે.

અમૃતલાલ ભારદીયાની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી તેમણે કહયું કે તેમણે સેવાનો જે ભેખ લીધો છે તે અન્ય માટે પ્રેરણારૂપ છે. રવિનુ અવસાન થયા બાદ ભગવાને તેને સારા રસ્તે ચડાવ્યા છે અને સમાજ-શિક્ષણ માટે મોટું અનુદાન આપે છે તેની આ પ્રવૃત્તિ ધન્યવાદને પાત્ર છે.

### શ્રી ગોવિંદભાઇ પટેલ

આ પ્રસંગે રાજકોટના ધારાસભ્ય શ્રી ગોવિંદભાઇ પટેલે જણાવ્યું હતું કે રામભાઇ મોકરીયા અને અમુભાઇની પ્રગતિ પ્રેરણાદાયક છે. રામભાઇ મોકરીયાને ૩૫ વર્ષથી ઓળખુ છું. આજે તેઓ કુરીયરના ધંધા દ્વારા દેશના ૧૮૦૦૦ લકોને ૧૫૦૦૦ થી ૧૫ લાખ સુધીની રોજીરોટી આપી રહયા છે. માણસ ધારે તો શું કરી શકે તેનો જીવતો જાગતુ ઉદાહરણ અમૃતલાલ ભારદીયા છે તેમના પર વિશ્વકર્મા પ્રભુની કૃપા રહી છે.

વિશ્વકર્મા પરિવાર ઉપર ભગવાન વિશ્વકર્માની કૃપા રહી છે. અને એટલે જ ધારે ઇ સર્જન કરી શકે છે. દેશમાં ઉદ્યોગોનો પાયો નાખર વિશ્વકર્મા પરિવાર છે. ગુર્જર સુતાર કારીગર જાપાન જેવી ઘડીયાળ સામાન્ય થડા પર બનાવી શકે છે. રાજકોટમાં પણ ઇન્ડસ્ટ્રીઝના વિકાસમાં સુતાર સમાજનો સિંહફાળો છે. રાજકોટનો ઓઇલ એન્જિન ઉદ્યોગ હોય કે મશીન ટુલ્સ કામ તો મિસ્ત્રીનું જ વખણાય તેઓએ મિસ્ત્રી સ્વભાવને કારણે આ સમાજની મોનોપોલી જતી રહી હોવાનું જણાવી. મોનોપોલી ફરી ઉભી થાય તેવા પ્રયાસો કરવા જોઇએ તેમ પણ જણાવ્યું હતું.

## જામનગર સુતાર સમાજ અન્ય સમાજ માટે પણ ઉપયોગી છે : શ્રી હકુભાઇ જાડેજા



ઉદ્યોગપતિ રમેશભાઇ ભારદીયાનું હરૂભાઇ વઘાડીયાના હસ્તે સન્માન

ગોવિંદભાઇએ કહયું કે અમુભાઇ ભારદીયા એક સફળ ઉદ્યોગપતિ છે. અને હજારોને રોજી રોટી આપે છે. તેઓ તેમના પુત્ર રવિની યાદમાં સમાજમાં મોટું આર્થિક અનુદાન આપી રહયા છે. રવિની સ્મૃતિમાં ભવનો બંધાવવાની સાથોસાથ સમાજમાં શિક્ષણ ક્ષેત્રે પણ મહત્વનું આર્થિક યોગદાન આપતા રહયા હોવાનું જણાવી તેમની સમાનલક્ષી પ્રવૃત્તિ અભિનંદનને પાત્ર હોવાનું જણાવ્યું હતું.

### શ્રી હકુભા જાડેજા

ભૂતપૂર્વ મંત્રી અને ધારાસભ્ય હકુભા જાડેજાએ કહયું કે, હાઇકમાન્ડ દરેક સમાજની નોંધ લે છે. વિશ્વકર્મા પરિવારના જગદીશભાઇ પંચાલ (વિશ્વકર્મા)ને પણ હાઇકમાન્ડે મંત્રી બનાવ્યા છે.

તેમણે દિલીપભાઇ ભારદીયા અને તેની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી કહયું કે, મારા મત વિસ્તારમાં પણ આ સમાજ અન્ય સમાજને ઉપયોગી થાય છે તે ધન્યવાદને પાત્ર છે. આ સમાજે કયારેય કોઇ પાસે માંગ્યું નથી. નાના માણસોને પણ જરૂર પડયે વાડીની સગવડ કરી આપે છે. તેઓએ અદકેરુ સન્માન કરવા બદલ ગુર્જર સુતાર સમાજ પ્રત્યે આભારની લાગણી પ્રદર્શીત કરી હતી.

આ સન્માન સમારોહમાં ઉપલેટા, જુનાગઢ, જેતપુર, રાજકોટ, જામખંભાળીયા, લાલપુર, અમદાવાદ, મુંબઇ જેવા શહેરોના સમાજોના આગેવાનો ઉમટી પડયા હત.ા

આયોજનને સફળ બનાવવા હોદ્દેદારો, નિયામક સમિતિના સભ્યો, મહિલા મંડળ, યુવક મંડળ અને સર્વિસ ગૃપના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## લાલપુર સમાજને સવા બે લાખનું અનુદાન

જામનગર ખાતે યોજાયેલા આ સન્માન સમારોહમાં શ્રી અમૃતલાલ ભારદીયાએ શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા સમાજને રૂા. ૨.૨૫ લાખ રૂપિયાના અનુદાનનો ચેક સુપરત કર્યો હતો. લાલપુરના પ્રમુખ ચંદુભાઇ, ઉપપ્રમુખ શાંતિભાઇ ગોરેચા, મંત્રી દિપકભાઇ પીસાવડીયા અને સચિન અનુવાડિયાએ આ ચેક સ્વીકાર્યો હતો. સમાજ દ્વારા અમૃતલાલ ભારદીયાનું શાલ ઓઢાડી સન્માન પણ કરાયું હતું.

# રાજકોટમાં શ્રી લુહાર હિતેચ્છુ મંડળ દ્વારા યોજાયો પ્રથમ આદર્શ સમુહ લગ્નોત્સવ

- પ્રવીણ ગજ્જર

## તમામ ખર્ચ આદર્શ યુવા ગ્રુપના સભ્ય દાતાઓ ભોગવે છે : બીજો સમુહલગ્નોત્સવ ૧૪ ડિસેમ્બરે









તસવીર : પ્રવીણ ગજ્જર

રાજકોટમાં લુહાર હિતેચ્છુ મંડળની આદર્શ યુવા ગ્રુપની પેનલ સત્તા પર આવી અને ૩૦ વર્ષ બાદ પ્રથમ વખત સમાજમાં બદલાવ આવ્યા બાદ નવી ટીમના નેતૃત્વમાં તા. ૧૭-૧૧-૨૧ના રોજ શીયાણી નગર ખાતે આવેલ લોહાણા હિતેચ્છુ મંડળ ખાતે પ્રથમ આદર્શ સમુહ લગ્નોત્સવ ધામધુમથી ઉજવવામાં આવ્યા હતા. સવારના જાન આગમનથી વિદાય સુધીના તમામ પ્રસંગો ધામધુમથી ઉજવવામાં આવ્યા હતા. હિતેચ્છુ મંડળમાં નવી ટીમના નેતૃત્વમાં આ પ્રથમ જ પ્રસંગ શાનદાર રીતે ઉજવવા બદલ આયોજકોને સૌએ અભિનંદન આપ્યા હતા. હવે બીજા આદર્શ સમુહલગ્ન તા. ૧૪-૧૨-૨૧ના રોજ યોજવામાં આવ્યા છે. આ બીજા સમુહ આદર્શ લગ્નની પણ ધામધુમથી ઉજવણી કરવામાં આવશે.

હિતેચ્છુ મંડળ દ્વારા યોજવામાં આવતા સમુહ લગ્નની વિશેષતા એ છે કે આ આદર્શ લગ્નમાં હિતેચ્છુ મંડળના ભંડોળમાંથી કોઇપણ જાતનો ખર્ચ કરવામાં આવતો નથી. આદર્શ યુવા ગૃપના સભ્યો ઓછામાં ઓછા ૫૦૦ રૂા. ફાળો આપે છે અને આ ફાળાની રકમમાંથી જ સમુહ લગ્નોત્સવ ઉજવવામાં આવે છે. દીકરીયુને સોનાનો નાકમાં દાણા સાથે પલંગ-કબાટ-ચાંદીના દાગીના સહિતની ચીજવસ્તુઓ આણામાં આપે છે. આદર્શ યુવા ગૃપ કમિટી દ્વારા સમુહલગ્ન કાયમી દાતા બનાવેલ છે તે ફકત મહિને રૂા. ૫૦૦ આદર્શ સમુહ લગ્ન દાતા બની શકે છે. તેમાં લુહાર જ્ઞાતિની ધર્મપ્રેમી જનતા દ્વારા ઉદાર હાથે ફંડ આપેલ છે. સમુહલગ્નના ખર્ચ બાદ થતા રૂા. ૩૯૦૦૦ વધારાના ફંડ પેટે આદર્શ લગ્નમાં જમા છે.

હિતેચ્છુ મંડળ દ્વારા યોજાયેલા આ પ્રથમ આદર્શ સમુહલગ્નમાં રાજકોટના સચીનભાઇ રાજેશભાઇ મકવાણા સાથે જામનગરની પૂર્વી નગીનભાઇ સિદ્ધપુરા સાથે, ગુંદાસરાના શૈલેષકુમાર કરશનભાઇ પરમાર સાથે મેંદરડાની અંજલીબેન હરસુખભાઇ સિદ્ધપુરા સાથે અને મેવાણાના વિમલકુમાર નારણભાઇ વાઘેલાએ મેંદરડાની ધ્રુવીક્ષા મનસુખભાઇ સિદ્ધપુરા સાથે પ્રભુતામાં પગલા માંડયા હતા.

લગ્નબાદ લુહાર હિતેચ્છુક મંડળના પ્રમુખ રાજુભાઇ સિદ્ધપુરા, ઉપપ્રમુખ જગદીશભાઇ મકવાણા, ખજાનચી કમલેશભાઇ સિદ્ધપુરાના હસ્તે નવદંપતિઓને મેરેજ સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે લુહાર સમયના તંત્રી પરેશભાઇ દાવડા, વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજ્જર પણ ઉપસ્થિત રહયા હતા. નવદંપતિઓને વિશ્વકર્મા વિશ્વ તરફથી મારા દાદા શ્રી વિશ્વકર્મા નામનું મીની વિશ્વકર્મા પુરાણ પણ ભેટ આપવામાં આવ્યું હતું.

આયોજનને સફળ બનાવવા પ્રમુખ રાજુભાઇ સિદ્ધપુરા, ઉપપ્રમુખ જગદીશભાઇ મકવાણા, ખજાનચી કમલેશભાઇ સિદ્ધપુરા, ઉપરાંત મનોજભાઇ મકવાણા, રાજુભાઇ હરસોરા, પરેશભાર પરમાર, ચંદ્રકાંતભાઇ ડોડીયા, દિપકભાઇ જીલકા, આનંદભાઇ પરમાર, મનસુખભાઇ ડોડીયા, પ્રવીણભાઇ સિદ્ધપુરા, રાજુભાઇ ચૌહાણ, અશ્વિનભાઇ પુજારા, ભરતભાઇ પીઠવા, જયેશભાઇ કારેલીયા સહિતનાએ જહેમત ઉઠાવી હતી.

# અમદાવાદમાં મણીનગર વિશ્વકર્મા બાગ ખાતે રવિ રાંદલ લોટા ઉત્સવ ઉજવાયો







અમદાવાદમાં મણીનગર વિસ્તારમાં આવેલ શ્રી ગુર્જર સુતાર સમાજ મણીનગર વિશ્વકર્મા બાગ ખાતે પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ તા. ૨૮-૧૧-૨૧ના રવિવારના રોજ શ્રી રવિ રાંદલ લોટા ઉત્સવની ભાવ-ભકિતસભર વાતાવરણમાં ઉજવણી સંસ્થાના પ્રાંગણમાં કરવામાં આવી હતી.

સવારના યજમાન દંપતીઓના હસ્તે રાંદલમાતાજીનું પુજન કરવામાં આવ્યું હતું. ૧૫ જોડી લોટા ઉત્સવના કાર્યક્રમમાં પુજન બાદ આરતી કરવામાં આવી હતી. કાર્યક્રમાં ગોરણીઓ ઉપરાંત અમદાવાદની શહેરની દરેક સંસ્થાના હોદ્દેદારો સાથે જ્ઞાતિના દાતાશ્રીઓ, ઉદ્યોગપતિ તેમજ કાર્યકરોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. દરેક મહાનુભાવોએ હાજરી આપી ભોજનપ્રસાદનો પણ લાભ લીધો હતો. અને સંસ્થાના કાર્યક્રમને ઉજાગર કર્યો હતો. આ પ્રસંગે કોરોના કાળના કપરા સમય દરમ્યાન દરેક લોકોના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

સવારના ૮.૩૦ થી ૧૦.૩૦ પુજનવિધિ બાદ યજમાનોએ ગોરણીઓના પગ ધોઇ પુજન કર્યું હતું. અને માતાજીની સન્મુખ ઘોડો ખુંદવાનો બહેનોએ આનંદ લીધો હતો.


સાંજે સાત વાગ્યે સમુહ આરતીએ પ્રમુખ હસમુખભાઇ શંખલપરા અને ટ્રસ્ટીઓએ લહાવો લીધો હતો અને પ્રસાદ લીધો હતો.

સમગ્ર ઉત્સવ દરમ્યાન શ્રી લક્ષ્મણભાઇ છનિયારા, શાંતિભાઇ ખોડદીયા, ધર્મેન્દ્રભાઇ ખંભાયતા, ચંદુભાઇ ભાલારા, જયંતીભાઇ સંચાણિયા, જગદીશભાઇ સુરેલીયા, ચેતનભાઇ પિલોજપરા, કાંતિભાઇ સુરેલીયા, મનુભાઇ પેશાવરીયા, દિનેશભાઇ કરગથરા, મનહરભાઇ વીસાવડીયા, રાજુભાઇ ભારદીયા વગેરેએ ઉપસ્થિત રહીને ઉત્સવ માણ્યો હતો. વિવિધ સંસ્થાના હોદ્દેદારો આગેવાનો પણ ઉપસ્થિત રહયા હતા.

**અહેવાલ : વિનોદભાઇ મહિધરીયા (મંત્રી)**

# સ્વરગુંજન અને ફ્રેન્ડઝ ગ્રુપ રાજકોટ દ્વારા આયોજીત મ્યુઝીકલ કાર્યક્રમ 'એક શામ મુકેશ લતા કે નામ' યાદગાર બન્યો








સ્વરગુંજન અને ફ્રેન્ડઝ ગ્રુપ રાજકોટ દ્વારા તા. ૨૦.૧૧.૨૦૧૧, શનિવારની સાંજે ઇવનીંગ પોસ્ટ ખાતે યોજાયેલ 'એક શામ મુકેશ લતા કે નામ' નામના યોજાયેલ સંગીત મઢયા કાર્યક્રમમાં જુની ફિલ્મીના સુમધુર ગીતની રમઝટે સંગીત રસીકોને ડોલાવી દીધા હતા. કોકીલ કંઠી ગાયીકા જેમના કંઠમાં લતા મંગેશકરનો પણ વાસ છે. તેવા અમદાવાદના હંસાબેન ગજજર અને જેને સાંભળવાથી આબેહુબ મુકેશજીને સાંભળતા હોવાનો અહેસાસ થાય તેવા કલાકાર સુનીલ પંજવાણીની સાથે ફ્રેન્ડઝ ગ્રુપના નીલાબેન હીંડોચા ઉપરાંત કમલેશભાઇ ભારદીયાએ રજુ કરેલ ગીતોએ શનિવારની સાંજને સુરીલી બનાવી દીધી હતી. વિશાળ પડદા પર ચલચિત્ર સાથે ઓરીજનલ સમકક્ષ સંગીત અને અવાજ, હાઇફાઇ ડીજીટલ સાઉન્ડ એન્ડ લાઇટસ સાથે પ્રી રેકોર્ડેડ મ્યુઝીક સાથેનો કાર્યક્રમ યાદગાર બની રહયો. કમલેશભાઇ ભારદીયા, નીલાબેન હિંડોચા વગેરેએ આ આયોજનને સૌએ બિરદાવ્યું હતું.

# દિગ્વીજય સિમેન્ટને ભારત સરકાર દ્વારા ફાઇવ સ્ટાર રેટિંગ માઇન્સનો એવોર્ડ

## ડો. ગિરીશ મહેતા અને શ્રી અનિલ નિગમે એવોર્ડ સ્વીકારી આભાર વ્યકત કર્યો




દિગ્વીજય ગ્રામ ખાતે આવેલ શ્રી દિગ્વીજય સિમેન્ટ કંપની લિમિટેડ (કમળ સિમેન્ટ)ની પછતર લાઇમસ્ટોન માઇન્સ (તા. ભાણવડ)ને ભારત સરકારના ખાણ અને ખનીજ અને કોલસા મંત્રાલય તરફથી ફાઇવ સ્ટાઇ રેટિંગ માઇન્સનો એવોર્ડ મળ્યો છે. આ એવોર્ડ કેબીનેટ મંત્રી માનનીય શ્રી પ્રહલાદ જોષીના વરદ હસ્તે દિલ્હીમાં એનાયત કરવામાં આવ્યો હતો. દિગ્વીજય સિમેન્ટના અધિકારી ડો. ગિરીશ મહેતા અને શ્રી અનિલ નિગમે આ એવોર્ડ સ્વીકારી ભારત સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

# દિગ્વીજય સિમેન્ટ કંપનીના પછતર, ચોરબેડી અને ગોપ ખાણામાં સ્વચ્છતા જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી



ભારતીય ખાણ બ્યુરો, પ્રાદેશિક કચેરી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ ૧૬ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૧ દરમ્યાન સ્વચ્છતા પખવાડા ૨૦૨૧નું આયોજન કરવામાં આવ્યું. જે માટે દિગ્વીજય સિમેન્ટ કંપનીના પછતર, ચોરબેડી અને ગોપ ખાણામાં સ્વચ્છતા જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહયું છે અને તા. ૨૦-૧૧-૨૦૨૧ના રોજ જીનવારી સુર્ય મંદિરના પરિસરની સફાઇનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિગ્વીજય સિમેન્ટની ગોપ માઇન્સના મેનેજર શ્રી શ્યામ નારાયણ સિંઘ દ્વારા ગામના સરપંચ શ્રી દિનેશભાઇ સોલંકી અને ગ્રામજનોની હાજરીમાં સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# દિગ્વીજય સિમેન્ટ કંપની દ્વારા તા. ૨૪-૧૧ના રોજ ચોરબેડીની ખાણોમાં સ્વચ્છતા કીટનું વિતરણ





ભારતીય ખાણ બ્યુરો, પ્રાદેશિક કચેરી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ ૧૬ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૧ દરમ્યાન સ્વચ્છતા પખવાડા ૨૦૨૧નું આયોજન કરવામાં આવ્યું. જે અનુસંધાને તા. ૨૪-૧૧-૨૦૨૧ના રોજ ચોરબેડીની ખાણોમાં સ્વચ્છતા કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં તમામ સંચાલકો અને ડ્રાઇવરોને સ્વચ્છતા કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. મેનેજર શ્રી શ્યામ નારાયણ સિંઘ, સુધીર પરમાર ડેપ્યુટી મેનેજર અને ખાણ ઇજનેર રાહુલ બરાઇ તથા અન્ય કર્મચારીઓએ સ્વચ્છતા કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# સ્વચ્છતાનો સંદેશ આપવા નિબંધ સ્પર્ધાનું આયોજન



તા. ૨૫-૧૧-૨૦૨૧ના રોજ શ્રી દિગ્વીજય સિમેન્ટ કંપનીના પછતર, ચોરબેડી અને ગોપ ખાણમાં ચાલી રહેલા સ્વચ્છત અભિયાન માટે બાંગર પ્રાથમિક શાળા, ગોપ, તાલુકો લાલપુર, જિલ્લો જામનગરના બાળકોને સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યો હતો અને તેમની વચ્ચે સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવામાં આવી હતી. નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના બાળકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ડેપ્યુટી માઇન્સ મેનેજર શ્રી સુધીરકુમાર પરમાર, ભૂસ્તરશાસ્ત્રી રાજકુમાર શર્મા, સર્વેયર દેબબ્રત ડે અને શાળાના મુખ્ય શિક્ષક શ્રી ભરત જોષી અને અન્ય શિક્ષકો પણ ઉપસ્થિત રહયા હતા.

# સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા બાળકો માટે પોસ્ટર સ્પર્ધા યોજાઇ



બ્યુરો ઓફ માઇન્સ, પ્રાદેશિક ચેરી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ ૧૬ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૧ દરમિયાન સ્વચ્છતા પખવાડા ૨૦૨૧નું આયોજન કરવામાં આવ્યું. તા. ૨૭-૧૧-૨૦૨૧ના રોજ બાંગર પ્રાથમિક શાળા, ગોપ, તાલુકો લાલપુર, જિલ્લો જામનગરના બાળકોને સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.અને તેઓમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવામાં આવી હતી. શ્રી દિગ્વીજય પોસ્ટર સ્પર્ધાની પછતર, ચોરબેડી અને ગોપ ખાણમાં ચાલી રહેલ સ્વચ્છતા જાગૃતિ અભિયાન અંતર્ગત તા. જેમાં શાળાના બાળકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ડેપ્યુટી માઇન્સ મેનેજર શ્રી સુધીરકુમાર પરમાર, ભુસ્તરશાસ્ત્રી રાજકુમાર શર્મા, સર્વેયર દેવવ્રત ડે અને શાળાના આચાર્ય શ્રી ભરત જોષી અને અન્ય શિક્ષકો ઉપસ્થિત રહયા હતા.

## સંપાદકની વાત...



બાલ મિત્રો, આનંદમાં ને ?

બાળસાહિત્ય નિયમિત વાંચો છો. તેથી રાજી થવાય છે.

આજે વડીલો સાથે માતૃભાષા બાબતે વાત કરવી છેઃ વિનોબાજીની એક નોંધ વાંચી હતી. ‘‘ માતૃભાષાનું ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થાય છે તે પાછળથી અન્ય ભાષા થોડા સમયમાં સારી રીતે શીખી શકે છે. શિક્ષણ જો સાર્વત્રિક અને સાર્વજનિક બનાવવું હોય તો તે માતૃભાષામાં જ આપવું જોઈએ. જ્ઞાન – વિજ્ઞાનનો સાર્વત્રિક પ્રચાર અને ઉપયોગ પણ માતૃભાષામાં જ થઈ શકે.‘‘

આવજો, બાળસાહિત્ય વાંચતાં રહેજો.

- સંપાદક : મો. નં. ૯૯૭૯૨ ૩૭૨૫૯

# સાચી મિત્રતા (બાળવાર્તા)

- મીરા એચ.ખારેચા




એક છોકરો. શ્રેય એનું નામ. સુખી-સંપન્ન ઘરનો ને સૌનો લાડકવાયો એટલે જરા તોફાની પણ ખરો. મમ્મી કે પપ્પા ક્યારેક પણ ટોકે તો દાદા-દાદી એમનો વારો પાડી દે. એમાંય અત્યારે શાળા બંધ ને ઘરે ઓનલાઇન ભણવાનું એટલે શ્રેયને તો મજા મજા. ખાવું-પીવું ને મિત્રો સાથે ફોનમાં રચ્યાપચ્યા રહેવાનું જ કામ. શ્રેયભાઈને મિત્રો પણ ઘણા બધાં! મિત્રોનું શ્રેયે વોટ્સએપ ગ્રુપ બનાવેલું જેમાં વાતોના ગપાટા ચાલતા રહેતા.


છેલ્લા કેટલાક સમયથી બધા મિત્રોને આ ગ્રુપમાં આદિત્યની ગેરહાજરી વર્તાતી હતી. ઓનલાઇન ક્લાસમાં પણ એ ગેરહાજર રહેતો હતો. તેનો ફોન પણ સ્વીચ ઓફ બતાવતો હતો. સૌને ચિંતા થવા લાગી. પહેલાંની સરખામણીએ પરિસ્થિતિ હવે સામાન્ય થવા લાગી જેથી શ્રેયે બધાને સાંજે ચાર વાગ્યે શાળાની પાછળ આવેલાં મેદાનમાં માસ્ક પહેરી એકઠા થવાનો ગ્રુપમાં મેસેજ કર્યો.

ચાર વાગ્યે બધા મિત્રો ભેગા મળી આદિત્યના ઘરે ગયા. ઘરનાં ફળિયામાં બેસી એ પુસ્તક વાંચતો હતો. મિત્રોને ઘણા સમય બાદ મળવાથી એ ખુશ થઇ ગયો. શ્રેયે તેને તેની ગેરહાજરી માટેનું કારણ પૂછ્યું. ઉદાસ ચહેરે એણે જણાવ્યું કે આ કપરી પરિસ્થિતિમાં તેનાં પપ્પાને વેપારમાં મોટું નુકસાન થયું. ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી થઇ. પરિણામે પૂરા પરિવારે પોતાના ખર્ચ પર કાપ મૂકવો પડ્યો. આદિત્ય અને તેની બહેનને ઓનલાઇન ભણવા માટે સ્માર્ટ ફોન હતો પણ તેમાં બેલેન્સનાં અભાવે બંધ પડ્યો હતો. એ ખર્ચ અત્યારે પોષાય તેમ ન હતો. બંને ભાઈ-બહેન કોઇપણ રીતે જાતે ભણીને પપ્પાને મદદરૂપ થવા ઇચ્છતા હતાં તેમજ અન્ય કોઈને તકલીફ આપવા રાજી ન હતાં. શ્રેય અને બાકીના મિત્રો એની વાત સાંભળી ઉદાસ થઇ પોતાના ઘર ભણી ચાલ્યા.

ઘેર આવીને શ્રેયને ક્યાંય ચેન પડતું ન હતુ. રોજ ઉછળકૂદ કરતા શ્રેયને આજે ઊંડા વિચારમાં બેઠેલો જોઇ ઘરમાં દરેકને નવાઈ લાગતી હતી. બસ,પોતાના મિત્રને કઇ રીતે મદદરૂપ થવું એ જ વિચાર તેનાં મનમાં ચાલ્યા કરતા હતા. અંતે એક અદ્દભુત વિચાર આવ્યો અને તે મલકી ઉઠ્યો. તેણે એ વિચાર બધા મિત્રોને વોટ્સએપ ગ્રુપમાં મેસેજ કરી જણાવ્યો. આ માટે બધાએ તેને અભિનંદન આપ્યા.

બીજે દિવસે ફરી બધા આદિત્યને ઘેર ગયા. તેનાં મમ્મીની હાજરીમાં જ શ્રેયે પોતાની પાસે રહેલા ત્રણસો રુપિયા આદિત્યનાં હાથમાં આપી કહ્યુ કે,''તારા મોબાઇલમાં રિચાર્જ કરાવવા આપ્યા છે, જેથી તારો તથા તારી બહેનનો ઓનલાઇન અભ્યાસ અટકી ન પડે. તું ચિંતા ન કરીશ. આ મારા પોકેટમનીનાં રુપિયા છે અને મારા ઘરમાં પણ બધાંને જાણ છે. એ સૌ પણ મારા આ વિચારથી ખુશ છે .જ્યારે રિચાર્જ પૂરું થાય ત્યારે બીજા મિત્રનો વારો ! ખરા સમયે મદદ ન કરે તે મિત્રો શું કામના?'' આદિત્ય અને તેનાં મમ્મીની આંખો છલકાઈ ગઈ.

## પ્રેરક પ્રસંગ



બાળમિત્રો, તમે ગિજુભાઈ બધેકાનું નામ સાંભળ્યું જ હશે. બાળકો માટે આજીવન કાર્ય કરી '' મૂછાળી મા'' નું વહાલભર્યું નામ મેળવ્યું.

તેમનો બાળપણનો એક પ્રસંગ છે. નાનપણથી પ્રાણીપ્રેમ, માનવ પ્રેમ, વનસ્પતિપ્રેમથી કેળવાયેલા હતા.

વૃક્ષ પ્રેમનો એક પ્રસંગ છે.

એક વખત સૌ મિત્રો સાથે તેમના ઘર આગળ ગુંદી પાકેલી, તો ગુંદા ખાવા ગુંદી ઉપર ચડ્યા. છોકરા ગુંદી ઉપર ચડ્યા, નાના ગિજુભાઈ બૂમ પાડી ઉઠ્યા, ''એલાં ગુંદા જ તોડજો , ડાળ - પાંદડાં ન તોડશો, મારાં બા કહેતાં હતાંઃ વૃક્ષને દુઃખ થાય. ''

આવા હતા ગિજુભાઈ!

## : એક વિચાર :

**જે કામ બાળક જાતે કરી શકે એમ હોય તે એની જ પાસે કરાવવાં.**

સૌજન્ય : બાલમૂર્તિ

## બગાસું (શિશુ કાવ્ય)

કોણ બગાસું ખાય છે ?
ઝાડ બગાસું ખાય છે !
ના... ભઈ ના... ઝાડ મજાનું ઝૂલતું!
કોણ બગાસું ખાય છે?
ફૂલ બગાસું ખાય છે !
ના.. ભઈ ના... ફૂલ મજાનું ખૂલતું!
કોણ બગાસું ખાય છે ?
સૂરજ બગાસું ખાય છે!
ના ...ભઈ ના ... સૂરજ મજાનો દીસતો!
કોણ બગાસું ખાય છે ?
ચાંદ બગાસું ખાય છે!
ના ...ભઈ ના.... ચાંદ મજાનો હીંચતો!
કોણ બગાસું ખાય છે?
પંખી બગાસું ખાય છે ?
ના... ભઈ ના...પંખી મજાનું બોલતું!
કોણ બગાસું ખાય છે ?
બહેની બગાસું ખાય છે !
ના... ભઈ ના... બહેની ગીત ગાય છે!
મનમાં બહુ હરખાય છે!

**- યોસેફ મેકવાન**

**(સૌજન્ય : ઈ - બાલ આનંદ)**



## હસી લઈએ–

ટીનુની ઘડિયાળ બંધ થઈ ગઈ.

ચેક કરવા તેણે ઘડિયાળ ખોલીને જોયું. તો અંદર મચ્છર મરેલું પડ્યું હતું. આ જોઈ ટીનુ તરત જ બોલ્યો, '' હંઅઅઅ, હવે ખબર પડી, ડ્રાઈવર જ મરી ગયો છે તો પછી ઘડિયાળ ક્યાંથી ચાલે ?

**- ચેતના પટેલ (સૌજન્યઃ બાલસેતુ)**


# લતાબેન આધ્યાત્મિક ભાથુ બાંધી ગયા છે : ધન્યાનંદ સ્વામીજી

## લતાબેન પીલોજપરાને શ્રદ્ધાંજલી આપવા યોજાઇ પ્રાર્થના સભા

ગજજર સખી વૃંદના સ્થાપકો પૈકીના લતાબેન પિલોજપરાના દુઃખદ અવસાન બાદ તેમને શ્રદ્ધાંજલી આપવા ગજજર સખી વૃંદ દ્વારા કેળવણી મંડળ ખાતે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.



આદરણીય ધન્યાનંદ સ્વામીજી(આર્ષ વિદ્યામંદિર-મુંજકા)એ બહુ દુઃખ સાથે કહયું કે, તેઓ આધ્યામિક ભાથુ બાંધીને ગયા છે. જયાં પણ ગયા હશે તે શ્રેષ્ઠ યોનીમાં ગયા હશે. પાંડુરંગ દાદાના કાર્યમાં જોડાઇને જે કાર્ય કર્યું છે તે તેમનું વિશેષ વિકાસકાર્ય છે. તત્વજ્ઞાનની બધી પરીક્ષા આપી પારંગત થયા તે પીએચ.ડી.ની પદવી બરાબર છે.



ગજજર સખી વૃંદ વતી શ્રી માલતીબેન મેસવાણીયાએ પોતાના વકતવ્યમાં કહયું કે, લતાબેન હંમેશા બહેનો ઉત્કર્ષ માટે, સમાજ માટે, કુટુંબ માટે કામ કરવા તૈયાર રહેતાં.

પ્રિયદર્શનીના લતાબેને હંમેશા અમને આગળ લઇ જવા હિંમત અને ઉત્સાહ આપ્યા છે.

કન્યા છાત્રાલય-રાજકોટના ટ્રસ્ટી શ્રી યોગીનભાઇ છનીયારાએ શ્રદ્ધાંજલી આપતા કહયું કે, તેઓ હંમેશા ઉર્જાવાળા, હસમુખાબેન, નેગેટીવના વિચાર બિલકુલ નહીં. તેની પાસે જાય તો પોઝીટીવ વિચાર જ. કોઇ કામની ના નહીં.

અંધ મહિલા-રાજકોટના સંચાલક બહેન શ્રી કલ્યાણીબહેન બહુ ભાવુક બની ગયાને કહયું કે, અમે જયારે મુશ્કેલીમાં હોય, આવડી સંસ્થામાં અંધ બહેનોની ઘણી સમસ્યા હોય ત્યારે અચાનક લતાબેન આવી ચડે અને કહે, શું કલ્યાણી બેન ? હું શું મદદ કરું. કહીને સમસ્યાનો ઉકેલ સરળતાથી લાવી દે. બહુ સુઝબુઝવાળા હતાં. રાઇટર પુરા પાડતાં હતાં.

પારીવારીક સભ્યોમાંથી લતાબેનના સુપુત્ર હાર્દિક પિલોજપરાએ બહુ હૃદયસ્પર્શી અને બધાની આંખોમાં અશ્રુઓથી ભીની કરી દીધી. 'મારા મમ્મી મને ૬ વર્ષનો હતો ત્યારથી ભકિતફેરી, ભાવફેરી, સ્વાધ્યાયમાં મને મુકીને જતાં અમે સંયુકત કુટુંબમાં રહેતા. મારા ભાભુ મને સાચવતાં. મારા મમ્મી એક ભાવગીત બહુ ગાતા, 'રડતો ના ઉભો થા, કામે લાગી જા., તકદીરનો ભરોસોના તું તકદીર બનીને જા.' તેઓએ કુટુંબ, સમાજ માટે ખુબ કાર્ય કર્યું છે. મારા મમ્મી પાસેથી હું જીવનના પાઠ શીખ્યો છું.

કૌટુંબીક સંબંધો-સભ્યો વતી લતાબેનના નણંદ વર્ષાબેન રાણપરીયાએ કહયું કે, મારા ભાભી મારા માટે મા સમાન હતાં. લતાબેનનું મધુર હાસ્ય, મીઠો આવકારો, ક્રાંતિકારી વિચાર, બીજા માટે ઘસાઇ જવું. અંધશ્રદ્ધા અને વહેમમાં બિલકુલ નહીં માનનારા, 'આઇ કેન ડુ ઇટ' ની વૃત્તિવાળા. કરી શકીશ., અને કરાવી શકીશની જબરજસ્ત ઉર્જાવાળા આ બધા ગુણોનો ભંડાર હતાં.

કૌટુંબીક પિયરપક્ષ બધા વતી માસીની દીકરી ચાર્મી વડગામાએ માસીને ભાવથી વંદન કરી કહયું કે, લત્તામાસી બધા સંતાનમાં કેન્દ્રસ્થાને હતાં. બધાને હુંફ, પ્રોત્સાહન આપતા હું જયારે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી ત્યારે કોઇ વિષય પર બે કલાક બોલી શકે તેવા મારા માસીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્વાધ્યાયકાર્ય પર બહુ ચોટદાર પ્રવચન આપ્યું હતુ. કોઇ પ્રોફેસર કે વિદ્યાર્થી અવાજ કર્યા વગર પ્રવચન સાંભળ્યું હતું. લતામાસી પ્રોફેસર નહોતાં પણ પ્રોફેસરથી પણ ચડીયાતું વકતવ્ય આપ્યું હતું.

બધી ભત્રીજી વતી ઇશા વડગામાએ કહયું કાકી કોઇપણ કામ રમતા રમતા શીખવી જતાં. મારા તેજસમામા. અત્યારે કાકી નથી છતાં ભુલી જતાં ને કહેતા કે લતાકાકીને પુછોને ? એ કહેશે. ભત્રીજાવહુ કાકીને પ્રેરણારૂપ માને છે કાકી જેવું બનાય એમ કહે છે.

જૈન મહારાજસાહેબે કહયું કે, માત્ર સાધુ બની જવાથી નહીં સંસારમાં રહીને સાધુ જેવું જીવન જીવી ગયા. આ સાધુ જેવો જીવ ગયો તેથી દુઃખ થયું.

શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળના અધ્યક્ષ શ્રી કિશોરભાઇ જાદવાણીએ લતાબેનને પોતાના પારીવારીક સભ્ય ગણાવ્યાં. તેમજ તેમના ધર્મપત્ની ઉત્પલાબેનનો જમણો હાથ ચાલ્યો ગયો તેવું દુઃખ સાથે જણાવ્યું.

ગજજર રાઇટર ગ્રુપના કવિશ્રી શીતલબેન ભાડેશીયાએ પોતાની રચના કહી. છુપાવીને દર્દ હંમેશા હસતા. સ્નેહથી સૌને મળતાં. થાય એ મદદ સૌને કરતાં, સ્મિતનું કારણ એ બનતા, સુખ-દુઃખ આવ્યાં છે જીવનમાં, છતાં મોજથી હંમેશા જીવતાં.

ટુંકમાં, આ પ્રાર્થનાસભા સાચા અર્થમાં શ્રદ્ધાંજલી બનીને લતાબેનને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા.

આ પ્રાર્થનાસભા માટે ગજજર સખી વૃંદ અને પ્રિયદર્શની ગ્રુપના દરેક કમિટી મેમ્બરે સેવા આપી હતી. ઉત્પલાબેન જાદવાણી, જયોત્સનાબેન તલસાણિયા, ઇલાબેન ગોવિંદીયા, માલતીબેન મેસવાણીયા, મીનાબેન વડગામા, વર્ષાબેન ગજજર, દિવ્યાબેન ખંભાયતા, ઉર્મીબેન ખંભાયતા, મિતલબેન કરગથરા, કિર્તી વડગામા, ડોલીબેન તલસાણિયા, કિરણબેન મહિધરિયા, શ્રી અંબાસણા.

ગજજર સખી વૃંદના પ્રમુખશ્રી રશ્મિબેન ખંભાયતાએ સૌનો આભાર માની પ્રાર્થના સભા પૂર્ણ કરી.

# જગજીવનભાઈ ભારદીયા(યુ.કે.)એ કરેલ સેવા કાર્યની સુગંધ મધમધતી રહેશે

**શબ્દાંજલી : પ્રવીણ ગજજર**

જામખંભાળીયા, જામનગર સહિતના શહેરોમાં અઢળક દાન કરનાર યુ.કે. રહેતા શ્રી જગજીવનભાઇ પરષોતમભાઇ ભારદીયા (ઉ. વર્ષ ૯૫)નું લંડન ખાતે તા. ૧૮-૧૧-૨૦૨૧ના રોજ દુ:ખદ અવસાન થયું. જગજીવનભાઇ આપણી વચ્ચે હવે નથી રહ્યા પણ તેઓએ સમાજ, શિક્ષણ અને જીવદયા માટે આપેલ અમુલ્ય યોગદાનરૂપી સુગંધ સદાય મધમધતી રહેશે. અને તેઓએ કરેલ સમાજ સેવાના રૂપમાં તેઓ હંમેશા આપણી વચ્ચે જીવંત રહેશે.



સ્વ. જગજીવનભાઇ મુળ જામખંભાળીયા પાસેના હંસ્થલ ગામમાં ૧૯૨૬માં તેમનો જન્મ થયો હતો. પ્રાથમિક શિક્ષણ હંસ્થલમાં જ લીધુ હતું. હંસ્થળથી તેઓ જામખંભાળીયા આવ્યા હતા અને જામખંભાળીયાથી તેઓ કેન્યા આફ્રિકા ૧૯૫૨માં ગયા હતા. ૨૦ વર્ષની ઉમરે તેમના લગ્ન મયાકુંવરબેન સાથે થયા. આફ્રિકાના કેન્યામાં તેઓ સુથારીકામ કરતા હતા અને આફ્રિકાથી તેઓ ૧૯૭૪માં લંડન આવ્યા લંડનમાં પણ તેઓ સુથારીકામ કરતા હતા. તેઓએ ગવર્નમેન્ટના ઘણા કામો કર્યા હતા.

જગજીવનભાઇના પત્ની શ્રીમતિ મયાકુવરનુ અવસાન ૨૦૧૬માં થયેલ. તેઓને એક પુત્ર ઓધવજીભાઇ અને બે પુત્રી સવિતાબેન તથા જ્યોત્સનાબેન છે. આ ત્રણેય સંતાનોને જગજીવનભાઇએ ઉચ્ચ શિક્ષિત બનાવ્યા છે.

પુત્ર ઓધવજીભાઇએ મીકેનીકલ એન્જિનિયરીંગ કર્યું અને તેમના લગ્ન જામનગર ઠાકરશીભાઇ જાદવજીભાઈ છત્રાલીયાની પુત્રી ભારતીબેન સાથે ૧૯૭૬માં થયા હતા.

ઓધવજીભાઇના પુત્ર બીનીત પણ ઉચ્ચ શિક્ષિત છે. અને તેમણે વેબને ગ્રાફીક ડીઝાઈન કરેલું છે અને પુત્રી રૂપલે પણ કમ્પ્યુટર સાયન્સ કરેલ છે.

જગજીવનભાઇ ની પુત્રી સવિતાબેન નવનીતભાઇ વડગામા (હાલ એલ્ડોરેટ-કેન્યા) છે. તથા નાની પુત્રી જ્યોત્સનાબેન હિંમતલાલ વડગામા (યુ.કે.) રહે છે.

જગજીવનભાઇ ૧૯૮૨માં રીટાયર્ડ થયા.તેઓ યુવાનીમાં સેવા કાર્ય કરતા જ હતા. પરંતુ રીટાયર્ડ થયા બાદ તેમણે સેવાનું ફલક વિસ્તાર્યું હતું.

લંડનમાં સંત્સંગ મંડળમાં તેઓ નિયમિત જતા હતા. લંડનમાં તેઓ શિક્ષણ-સમાજ માટે પોતાનું યોગદાન આપતા રહેતા, તેઓ દર વર્ષે ભારત આવતા ખાસ કરીને જામખંભાળીયા-જામનગર તેઓ ખાસ આવતા. જામખંભાળીયા સુતાર જ્ઞાતિના મંદિર માં છેલ્લા ઘણા વર્ષોથી વિશ્વકર્મા જયંતીના દિવસે જ્ઞાતિ જમણ કરતા, તેમજ શિક્ષણ અને સમાજ માટે તેમજ ગૌશાળામાં સારું અનુદાન આપ્યું છે. તેમજ ખંભાળિયામાં પણ અન્ય સંસ્થામાં પણ તેમણે સારુ અનુદાન આપેલ છે

તેમના પત્નીશ્રીની યાદમાં M P Shah Municipal વૃદ્ધાશ્રમ જામનગરમાં એક રૂમ માટેનું પણ યોગદાન આપ્યું છે. આ ઉપરાંત જામનગર ગુર્જર સુથાર જ્ઞાતિના શિક્ષણ વિકાસ, નિરાધાર સહાય તેમજ સમુહ-આદર્શ લગ્નમાં, તેમજ વિશ્વકર્માબાગમાં બે રૂમ માટે અનુદાન આપેલ છે. તેમજ શ્રી વિશ્વકર્મા એજ્યુકેશન ટ્રસ્ટમાં દરેક વર્ષે અનુદાન આપતા, તેમજ સમાજના ઉત્કર્ષ વિકાસ માટે પણ તેઓએ આર્થિક યોગદાન આપ્યું છે. છેલ્લે તેઓએ ૨૦૧૮માં જામખંભાળીયાની મુલાકાત લીધી હતી.


છોટુભાઈ દામજીભાઈ વાલંભિયા
૯૭૧૪૭ ૮૮૮૫૭
મહેશભાઈ વાલંભિયા
૯૮૨૫૨ ૮૮૮૫૭
મુકેશ વાલંભિયા
૯૭૧૨૯ ૮૮૮૫૭
ભાવેશ વાલંભિયા
૯૮૨૫૭ ૮૮૮૫૭
VB
વાલંભિયા
બોડી બિલ્ડર્સ
દરેક જાતના ટ્રક બોડી, કેબીન
TATA S, TATA L.P.,
લેલન્ડ, ડમ્પરના સ્પેશ્યાલીસ્ટ

જકાતનાકા સામે, દેવાભાઈના ગેરેજની બાજુમાં,
વીરાણી અઘાટ, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ.
ફોન : (ઓ.) ૨૩૭૧૦૭૯
ભુલો ભલે બીજું બધું પણ મા-બાપને ભુલશો નહી

# સ્વ. જગજીવનભાઇ પરસોતમભાઇ ભારદીયાને જામખંભાળીયા સમાજ દ્વારા શ્રદ્ધાંજલી





જામખંભાળીયા શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિનું ગૌરવ અને જ્ઞાતિરત્ન એવા જગજીવનભાઇ પરસોતમભાઇ ભારદીયાનું લંડન મુકામે તા. ૧૮-૧૧-૨૧ના રોજ દુઃખદ અવસાન થયેલ તેમને ભાવપુર્ણ શ્રદ્ધાંજલી અર્પણ કરવા શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ ખંભાળીયા દ્વારા જ્ઞાતિના સંકુલ 'વિશ્વકર્મા બાગ'માં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જામખંભાળીયા જ્ઞાતિજનો પ્રત્યે બહોળી લાગણી ધરાવતા જગજીવનાપાને શ્રદ્ધાંજલી અર્પણ કરવા બહોળી સંખ્યામાં ભાઇઓ, બહેનો તેમજ વડીલો ઉપસ્થિત રહયા હતા.

શરૂઆતમાં મંત્રો અને પુષ્પોથી સૌએ શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. ત્યારબાદ જગજીવનબાપા વિષે બોલતા જયંતભાઇ સુરેલીયાએ કહયું હતું કે, તેમના દ્વારા થયેલા સેવાના કાર્યો આપણા સૌ માટે સદાય પ્રેરણારૂપ રહેશે અને તેમનો પ્રેમાળ અને માયાળુ સ્વભાવ તેમજ નિખાલસ વ્યકિતત્વ સદાયે સમગ્રમાં રહેશે ત્યારબાદ જગજીવનબાપાને શ્રદ્ધાંજલી અર્પણ કરતા જ્ઞાતિના પ્રમુખ શ્રી હરીભાઇ વઘાડીયાએ કહયું હતું કે, તેમનો મિલનસાર સ્વભાવ અને સમાજના દરેક જરૂરીયાતમંદ વ્યકિત માટેની તેમની પરોપકારી વૃત્તિ સદાય યાદ રહેશે તેઓ જ્ઞાતિ માટે સાચા અર્થમાં ભામાશા હતા. ત્યારબાદ તેમના વિશે બોલતા રમણીકભાઇ સુરેલીયાએ કહયું હતું કે તેઓ આમ અચાનક આપણી વચ્ચેથી વિદાય લઇજતા જ્ઞાતિ માટે કદી પુરી ન શકાય તેવી ખોટ પડી છે. તેઓ ફકત જ્ઞાતિ માટે જ નહીં મેડીકલ સહાય કે અન્નદાન હોય કે જ્ઞાતિનું સમુહ ભોજન હોય દરેક સેવાકીય પ્રવૃત્તિમાં ઉદાર હવે અનુદાન આપતા. ત્યારબાદ તેમને અંજલી આપતા બાબુભાઇ ભારદીયાએ કહયું હતું કે, તેમના દ્વારા ત્રણ-ત્રણ ભાગવતા સપ્તાહ કરવામાં આવી હતી અને અનેકવિધ ધાર્મિક કાર્યો તેમના દ્વારા થયેલા તેઓનો ધાર્મિક વૃત્તિ વાળો સ્વભાવ સદાય યાદ રહેશે.

ખંભાળીયાના પોતાના હોય એવા આદરણીય સ્વ. જગજીવનાપાને શ્રદ્ધાંજલી અર્પણ કરવા જ્ઞાતિજનોનો મોટી સંખ્યામાં મહેરામણ ઉમટી પડયો હતો.




Designing | Printing | Advertising


સૌરાષ્ટ્ર, ગુજરાત કે દેશના કોઈ પણ અખબાર અને મેગેઝીનમાં
કોમર્શિયલ, શુભેચ્છા, કલાસીફાઈડ કે અન્ય કોઈ પણ જાહેરાત આપવા માટે સંપર્ક કરો

ફોર કલર વીઝીટીંગ કાર્ડ, બીલ બુક, લેટર પેડ, કવર, બ્રોશર, પેમ્પલેટ,
આમંત્રણ કાર્ડ, પરિવાર પરિચય ગ્રંથ અને બુક વર્ક સહિતના પ્રીન્ટીંગ કામ માટે સંપર્ક કરો

Ramy Ads | Pravin Gajjar
+91-90999 49565


320, Heera Panna Complex Dr. Yagnik Road, Rajkot - 360 001 Ph. 0281-2461858
web : www.vishwakarmavishwa.com - e-mail : vishwakarmavishwa@yahoo.com

# જામખંભાળીયા ગુ.સુ. જ્ઞાતિ દ્વારા સ્વ. જગજીવનભાઈ ભારદીયાને શ્રદ્ધાંજલી

















જામખંભાળીયા શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિનું ગૌરવ અને જ્ઞાતિ રત્ન શ્રી જગજીવનભાઈ પરષોતમભાઈ ભારદીયા (યુ.કે.)નું લંડન ખાતે દુઃખદ અવસાન બાદ જામખંભાળીયા વિશ્વકર્મા બાગમાં તેમને શ્રદ્ધાંજલી આપવા યોજાયેલ કાર્યક્રમમાં પ્રમુખશ્રી હરિભાઈ વયાડીયા, જયંતીભાઈ સુરેલિયા, રમણીકભાઈ સુરેલીયા, બાબુભાઈ ભારદીયા, હંસ્થલ ગામના આગેવાનશ્રીએ જગજીવનભાઈ ભારદીયા વિષે બે શબ્દ દ્વારા શ્રદ્ધાંજલી અર્પી હતી.



VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2021-2023. Posted at Rajkot RMS on 10th of Every Month

# શ્રદ્ધાસુમન







## સ્વ.શ્રી જગજીવનભાઈ પરષોત્તમભાઈ ભારદીયા (યુ.કે.)

**સ્વ. તા. ૧૮-૧૧-૨૦૨૧, કારતક સુદ-૧૪ ગુરૂવાર**

સબંધ અકબંધ રહે છે... સ્મૃતિપટ પર...
જે ભૂંસી શકાતા નથી... આપની હયાતી અમારી પ્રેરણા હતી,
આપના આદર્શ અમારા માર્ગદર્શક છે...

## શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ - જામખંભાળીયા